RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

# રાજકોટ મિરર

RAJKOT MIRROR DAILY MORNING NEWS PAPER

Year : 14 Issue : 195 Dt. 7-11-2024 Page : 08 Price : Rs 3




Editor : PRATIPALSINH NARENDRASINH JADEJA, Publisher, Printer & Owner : YASHPALSINH JAYCHANDRASINH JADEJA
Place of Publication : 201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT

## વસુધૈવ કુટુંબકમ્!

# QUAD 2025નું યજમાન ભારત : ટ્રમ્પ બનશે મહેમાન

### પ્રથમ વખત બનશે કે જ્યારે કોઈ અમેરિકન રાષ્ટ્રપતિ પદ સંભાળ્યાના પ્રથમ વર્ષમાં ભારતની મુલાકાતે આવ્યા હોય : બંને દેશો વચ્ચે વ્યાપારિક મિત્રતાના અનેક દ્વાર ખુલશે



#### મોદી-ટ્રમ્પની મુલાકાત

બંને નેતાઓ વચ્ચે ત્રીજી બેઠક ફેબ્રુઆરી ૨૦૨૦ માં બે તબક્કામાં થઈ હતી, પ્રથમ અમદાવાદમાં અને પછી નવી દિલ્હીમાં. ટ્રમ્પ અને તેમનો પરિવાર સૌથી પહેલા પીએમ મોદીના ગૃહ રાજ્ય ગુજરાતમાં અમદાવાદ પહોંચ્યો હતો. ત્યાં નવનિર્મિત વિશાકલ સ્ટેડિયમમાં તેમનું સ્વાગત કરવામાં આવ્યું હતું. ટ્રમ્પના સ્વાગત માટે સ્ટેડિયમમાં લગભગ એક લાખ લોકો હાજર હતા. આ સ્વાગતથી ખુશ થઈને ટ્રમ્પે કહ્યું કે આજ પછી મારા હૃદયમાં ભારતનું હંમેશા વિશેષ સ્થાન રહેશે. બીજા દિવસે નવી દિલ્હીમાં બંને નેતાઓ વચ્ચે દ્વિપક્ષીય વાતચીત થઈ.

#### ભારત-અમેરિકા વ્યૂહરચના

સંયુક્ત નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે ભારતને અમેરિકન મિલિટરી ટેક્નોલોજી આપવા માટે સમજૂતી થઈ છે. ઈન્ડો-પેસિફિક ક્ષેત્રની પણ વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી. પ્રથમ વખત ભારત અને અમેરિકા વચ્ચે ઈન્ડો-પેસિફિક ક્ષેત્ર સંબંધિત વર્તમાન ભાગીદારીને વ્યૂહાત્મક રીતે બદલવા અંગે વાતચીત થઈ હતી. વર્તમાન રાષ્ટ્રપતિ જો બિડેન સાથે પણ આ વાતચીત થઈ છે. સૈન્ય અને વ્યૂહાત્મક ક્ષેત્રોમાં ટ્રમ્પ સાથેના સંબંધો વધુ ગાઢ બને તેવી શક્યતા છે.

નવીદિલ્હી તા. ૬

રિપબ્લિકન નેતા ડોનાલ્ડ ટ્રમ્પ, જેમણે ફરીથી અમેરિકી રાષ્ટ્રપતિનું પદ સંભાળ્યું છે, તેમને આ વખતે ભારત આવવા માટે વધુ રાહ જોવી પડશે નહીં. ક્વાડ દેશો (અમેરિકા, ઓસ્ટ્રેલિયા, જાપાન અને ભારતનું સંગઠન)ના ટોચના નેતાઓની આગામી બેઠક ભારતમાં યોજાવાની છે. ભારતે આ કોન્ફરન્સની તારીખ નક્કી નથી કરી પરંતુ અગાઉ કહેવામાં આવ્યું છે કે સંભવતઃ જુલાઈ-ઓગસ્ટ, ૨૦૨૫માં સમિટની તારીખ નક્કી કરવામાં આવી શકે છે. જો બધુ બરાબર રહ્યું તો આ પ્રથમ વખત બનશે કે જ્યારે કોઈ અમેરિકન રાષ્ટ્રપતિ રાષ્ટ્રપતિ પદ સંભાળ્યાના પ્રથમ વર્ષમાં ભારતની મુલાકાતે આવ્યા હોય. જો ટ્રમ્પ સત્તા સંભાળ્યાના પ્રથમ વર્ષમાં ભારતની મુલાકાત લે છે, તો તે આવું કરનાર પ્રથમ રાષ્ટ્રપતિ બની શકે છે.

શીત યુદ્ધ યુગ (૧૯૫૦ થી ૧૯૯૦) દરમિયાન ભાગ્યે જ કોઈ અમેરિકન રાષ્ટ્રપતિ ભારતની મુલાકાતે આવ્યા હતા, પરંતુ છેલ્લા પાંચમાંથી પાંચ અમેરિકન રાષ્ટ્રપતિ ભારતની મુલાકાતે આવ્યા છે. તાજેતરમાં સપ્ટેમ્બર ૨૦૨૩ માં, યુએસ પ્રમુખ જો બિડેન જી-૨૦ સમિટમાં ભાગ લેવા માટે નવી દિલ્હી આવ્યા હતા. જોકે, બિડેન દ્વિપક્ષીય સત્તાવાર મુલાકાતે ભારત આવી શક્યા નથી. ટ્રમ્પે ૨૦૨૦માં ભારતની મુલાકાત લીધી હતી, જે તેમના પ્રથમ કાર્યકાળના છેલ્લા વર્ષમાં છે. પીએમ મોદી તેમના છેલ્લા કાર્યકાળ દરમિયાન કુલ ત્રણ વખત ટ્રમ્પને મળ્યા હતા અને દરેક બેઠક ભારત-અમેરિકા સંબંધોમાં સીમાચિહ્નરૂપ સાબિત થઈ હતી. આ બંને વચ્ચે પહેલી મુલાકાત જૂન ૨૦૧૭માં થઈ હતી. થોડા મહિના પહેલા જ રાષ્ટ્રપતિ બનેલા ટ્રમ્પે મોદીને વ્હાઈટ હાઉસમાં ડિનર માટે આમંત્રણ આપ્યું હતું.

ટ્રમ્પના કાર્યકાળ દરમિયાન વ્હાઈટ હાઉસમાં રાત્રિભોજન કરનાર મોદી પ્રથમ વૈશ્વિક નેતા બન્યા. બંને નેતાઓની બેઠક બાદ જારી કરાયેલા સંયુક્ત નિવેદનમાં ભારત અને અમેરિકાએ સરહદ પારના આતંકવાદ સહિત તમામ પ્રકારના આતંકવાદ વિરુદ્ધ ખૂબ જ કડક શબ્દોનો ઉપયોગ કર્યો હતો અને પાકિસ્તાનને સીધી ચેતવણી આપી હતી. ટ્રમ્પે કહ્યું કે ભારત અને અમેરિકાના આટલા મજબૂત સંબંધો પહેલા ક્યારેય નથી રહ્યા. થોડા મહિના પછી, અમેરિકા અને ભારત વચ્ચે ટુ-પ્લસ-ટુ મંત્રણા શરૂ કરવા માટે સમજૂતી થઈ. બંને વચ્ચે બીજી મુલાકાત હ્યુસ્ટનમાં આયોજિત મોદીના હાઉડી મોદી કાર્યક્રમ દરમિયાન થઈ હતી. વિદેશી નેતાને આવકારવા માટે અમેરિકાની ધરતી પર આયોજિત આ સૌથી મોટો કાર્યક્રમ હતો.



# JKમાં કલમ ૩૭૦ લાગુ કરવાનો પ્રસ્તાવ પસાર : ભાજપ નારાજ

### વિપક્ષી દળો સાથે મળીને આ પ્રસ્તાવમાં કેટલાક સુધારા લાવવા પર થઈ શકે છે વિચાર : મહેબૂબા મુફ્તી

નવીદિલ્હી, તા. ૬

જમ્મુ અને કાશ્મીર વિધાનસભાએ કલમ ૩૭૦ની પુનઃસ્થાપના પર ઠરાવ પસાર કર્યા બાદ પીડીપીના વડા મહેબૂબા મુફ્તીએ પ્રતિક્રિયા આપી છે. મહેબૂબાએ કહ્યું કે આંકડોથી કોઈ ફરક પડતો નથી, પરંતુ જો વિપક્ષના ઈરાદા અને એજન્ડા સ્પષ્ટ હોય તો તેઓ બહુમતી સરકારને પણ જમ્મુ-કાશ્મીરના લોકોની ઈચ્છાઓ પૂરી કરવા દબાણ કરી શકે છે.

મહેબૂબા મુફ્તીએ વધુમાં કહ્યું કે આજે પીડીપીએ સાબિત કરી દીધું છે કે ઈરાદા અને ઉદ્દેશ્ય મહત્ત્વના છે, સંખ્યા નહીં. જો વિપક્ષ પાસે એક-બે લોકો પણ હોય અને તેમનો ઈરાદો અને એજન્ડા સ્પષ્ટ હોય તો તેઓ સરકારને દબાણ કરી શકે છે. જમ્મુ-કાશ્મીર એસેમ્બલી દ્વારા પસાર કરાયેલા ઠરાવ પર મહેબૂબા મુફ્તીએ કહ્યું કે આ ઠરાવમાં ક્યાંય પણ એવું નથી કહેવામાં આવ્યું કે ૨૦૧૯માં લેવાયેલ કેન્દ્ર સરકારનો નિર્ણય ખોટો હતો અથવા તો કલમ ૩૭૦ પુનઃસ્થાપિત કરવામાં આવે. તેના બદલે, તેમણે કહ્યું કે અમે આ અંગે ચિંતિત છીએ અને તેના પર ચર્ચા કરવાની જરૂર છે.

પીડીપીનો પ્રસ્તાવ વધુ સ્પષ્ટ અને સારો હતો. તેમણે સરકારના પ્રસ્તાવની ભાષા પર પણ ટિપ્પણી કરી અને કહ્યું કે તે વધુ સારું થઈ શક્યું હોત. આ સાથે મહેબૂબાએ સંકેત આપ્યો કે તેઓ અન્ય વિપક્ષી દળો સાથે મળીને આ પ્રસ્તાવમાં કેટલાક સુધારા લાવવા પર વિચાર કરી શકે છે. મહેબૂબાના આ નિવેદનથી સ્પષ્ટ થયું છે કે પીડીપી કલમ ૩૭૦ની પુનઃસ્થાપના મુદ્દે મજબૂત વલણ અપનાવી રહી છે અને આ અંગે આગળની રણનીતિ તૈયાર કરી શકે છે. ભાજપના ધારાસભ્યોએ ઠરાવની નકલો ફાડી નાખી હતી. અને ધારાસભ્યોએ જમ્મુ-કાશ્મીરની નેશનલ કોન્ફરન્સની આગેવાની હેઠળની ઓમર અબ્દુલ્લા સરકાર વિરુદ્ધ જોરથી સૂત્રોચ્ચાર કર્યા હતા.

ભાજપના ધારાસભ્યોએ '૫ ઓગસ્ટ ઝિંદાબાદ', 'વંદે માતરમ', 'જય શ્રી રામ', 'પાકિસ્તાની એજન્ડા નહીં ચાલે', 'જમ્મુ-કાશ્મીર વિરોધી એજન્ડા નહીં ચાલે', 'રાષ્ટ્રવિરોધી એજન્ડા નહીં ચાલે' , 'સ્પીકર હાય-હાય'ના નારા લગાવ્યા હતા. જેના કારણે ગૃહની કાર્યવાહીમાં વાંરવાર અડચણ ઊભી થઇ રહી હતી. અંતે ગૃહની કાર્યવાહી સ્થગિત કરી દેવામાં આવી હતી. આ દરમિયાન નેશનલ કોન્ફરન્સ અને ભાજપના ધારાસભ્યો પણ સામસામે આવી ગયા હતા. તેઓએ એકબીજા પર ખૂબ કટાક્ષ કર્યા હતા.

નેશનલ કોન્ફરન્સને ૯૦ સભ્યોના ગૃહમાં ૫૫ ધારાસભ્યોનું સમર્થન છે. ગઠબંધન સિવાયના ધારાસભ્યોના સમર્થનથી પ્રસ્તાવ પર સમર્થકોની સંખ્યા વધીને ૬૦ થઈ ગઈ છે. નાયબ મુખ્યમંત્રી ચૌધરીએ જમ્મુ અને કાશ્મીર વિધાનસભાના ત્રીજા દિવસે સંબોધિત કરતી વખતે એક ઠરાવ રજૂ કર્યો હતો જેમાં ભારપૂર્વક જણાવાયું હતું કે આ વિધાનસભા વિશેષ અને બંધારણીય ગેરંટીના મહત્વને પુનઃપુષ્ટ કરે છે જેણે જમ્મુ અને કાશ્મીરના લોકોની ઓળખ, સંસ્કૃતિ અને અધિકારોનું રક્ષણ કર્યું છે. અને એકપક્ષીય દૂર કરવા અંગે ચિંતા વ્યક્ત કરી. આ એસેમ્બલી ભારત સરકારને વિશેષ દરજ્જો, બંધારણીય ગેરંટીની પુનઃસ્થાપના માટે જમ્મુ અને કાશ્મીરના લોકોના ચૂંટાયેલા પ્રતિનિધિઓ સાથે વાતચીત શરૂ કરવા અને આ જોગવાઈઓને પુનઃસ્થાપિત કરવા માટે બંધારણીય મિકેનિઝમ પર કામ કરવા માટે આહ્વાન કરે છે.

# મહારાષ્ટ્ર-ઝારખંડ ચૂંટણી પૂર્વે પંચે ૫૫૮ કરોડ કર્યા જપ્ત

### રોકડ સાથે દારૂ, ડ્રગ્સ અને કિંમતી ધાતુઓ પણ મળી આવ્યા : ગત વિધાનસભા ચૂંટણીની સરખામણીમાં ૩.૫ ટકાનો વધારો

નવીદિલ્હી, તા. ૬

ઝારખંડ અને મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણીની તૈયારીઓ પૂરજોશમાં ચાલી રહી છે. આ સાથે ચૂંટણી પંચની એજન્સીઓ પણ કડક તકેદારી રાખી રહી છે. આ ચૂંટણીમાં ચૂંટણી પંચની એજન્સીએ ૨૦૧૯ની સરખામણીમાં ત્રણ ગણી વધુ રકમ જપ્ત કરી છે. ચૂંટણી પંચની એજન્સીઓએ મહારાષ્ટ્રમાં રૂ. ૨૮૦ કરોડ અને ઝારખંડમાં રૂ. ૧૫૮ કરોડ જપ્ત કર્યા છે. એજન્સીઓ દ્વારા ૫૫૮ કરોડ રૂપિયાની રોકડ સાથે દારૂ, ડ્રગ્સ અને કિંમતી ધાતુઓ પણ જપ્ત કરવામાં આવી છે.

બંને ચૂંટણી રાજ્યોમાં સંયુક્ત જપ્તી ૨૦૧૯ની વિધાનસભા ચૂંટણી કરતાં ૩.૫ ગણી વધારે છે. વર્ષ ૨૦૧૯માં મહારાષ્ટ્રમાં ૧૦૩.૬૧ કરોડ રૂપિયા અને ઝારખંડમાં ૧૮.૭૬ કરોડ રૂપિયા જપ્ત કરવામાં આવ્યા હતા. મુખ્ય ચૂંટણી કમિશનર રાજીવ કુમારે ચૂંટણીમાં કોઈપણ પ્રકારના પ્રલોભન સામે ચેતવણી આપી છે અને ચૂંટણી પંચે અધિકારીઓને આ મામલે 'ઝીરો ટોલરન્સ'નું પાલન કરવાનો આદેશ આપ્યો છે.

તાજેતરમાં મુખ્ય ચૂંટણી કમિશનર રાજીવ કુમારે મહારાષ્ટ્ર અને ઝારખંડ અને તેમના પડોશી રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના ઉચ્ચ અધિકારીઓ સાથે બેઠક યોજી હતી. આ બેઠકમાં સંબંધિત રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના મુખ્ય સચિવો, આબકારી કમિશનરો, પોલીસ મહાનિર્દેશક અને અમલીકરણ એજન્સીઓના અધિકારીઓ હાજર હતા. મુખ્ય ચૂંટણી કમિશનરે આંતર-રાજ્ય સરહદો પરની હિલચાલ પર કડક નજર રાખવાનો નિર્દેશ આપ્યો હતો. તેમણે એજન્સીઓને નિવારણ માટે જપ્તીની બેકવર્ડ લિંકેજ સ્થાપિત કરવા નિર્દેશ આપ્યો. ઝારખંડના ગઢવા જિલ્લામાંથી જપ્ત કરાયેલ દારૂ અને અકોલા જિલ્લા પોલીસની ક્રાઈમ બ્રાન્ચ દ્વારા ૧.૩૨ કરોડ રૂપિયાની કિંમતનું ડ્રગ એફેડ્રિન જપ્ત કરવામાં આવ્યું છે.

ECIની ચૂંટણી જપ્તી વ્યવસ્થાપન પ્રણાલી (ESMS) સાથે જપ્તીની વાસ્તવિક સમયની રિપોર્ટિંગને કારણે કમિશન અને એજન્સીઓ દ્વારા ખર્ચની દેખરેખ પર નિયમિત અને સચોટ સમીક્ષા થઈ છે. બંને રાજ્યોના ૧૧૦ વિધાનસભા મતવિસ્તારો, મહારાષ્ટ્ર-૯૧ અને ઝારખંડ-૧૯ પર પણ કડક દેખરેખ રાખવામાં આવી રહી છે, જેને વધુ ધ્યાન કેન્દ્રિત મોનિટરિંગ માટે ખર્ચ સંવેદનશીલ મતવિસ્તાર તરીકે ઓળખવામાં આવ્યા છે. મતદારોના પ્રલોભન સામે કડક વલણ અપનાવતા, ચૂંટણી પંચે સુનિશ્ચિત કર્યું છે કે રાજકીય પક્ષોની કાયદેસરની વિનંતીઓનો પારદર્શક રીતે પ્રતિસાદ આપવામાં આવે છે જેથી એક સમાન રમતનું ક્ષેત્ર સુનિશ્ચિત થાય. આ સંદર્ભમાં SUVIDHA એપ રાજકીય પક્ષો અને ઉમેદવારોને ઘણી મદદ કરી છે.

## શું રાજકોટ વાળી?

# સુરતના ફોર્ચ્યુન મોલમાં લાગી આગ : બે યુવતીના મોત

### અનેક વખત તંત્ર દ્વારા ફાયર NOC મેળવવા બાબતે આપી હતી નોટિસ છતાં કર્યા આંખ આડા કાન

સુરત, તા. ૬

ડાયમંડ નગરી સુરતમાં આગની ઘટના બની હતી. શહેરના સિટીલાઈટ વિસ્તારમાં આવેલા ફોર્ચુન મોલમાં લાગી હતી. મોલમાં આવેલા જીમ અને સ્પામાં આગ લાગતા બે યુવતિના મોત નિપજયાં હતા. સ્પામાં કામ કરતી યુવતિઓ દાઝી જતાં મોતને ભેટી હતી. આગ લાગવાની ઘટના બનતા જ ફાયર વિભાગની પાંચથી વધુ ગાડીઓ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી અને કામગીરી શરૂ કરી હતી. ઘટનાની જાણ થતાં મેયર દક્ષેણ માવાણી પણ દોડી આવ્યા હતા. ઘટના અંગે ફાયર ઓફિસરે જણાવ્યું, સિટીલાઇટ એરિયાના ફોર્ચુન મોલમાં ટોચના માળે જીમ અને સ્પામાં આગ લાગ્યાનો કોલ મળ્યો હતો. ૧૦ થી ૧૨ જેટલી ફાયર ફાઇટરોએ આગ પર કાબુ મેળવ્યો હતો. બે મહિલાઓના ગૂંગળાઈ જવાથી મોત થયા હતા. બંનેના મૃતદેહ પોસ્ટમોર્ટમ અર્થે મોકલી આપવામાં આવ્યા હતા. આગ કઈ રીતે લાગી તેનું કારણ જાણવા મળ્યું નથી.



કોની જવાબદારી થશે ફિક્સ? : ઈજાગ્રસ્તોને સારવાર અર્થે ખસેડાયા

પ્રત્યક્ષદર્શીના જણાવ્યા મુજબ, તે તેના મિત્રની રાહ જોતો હતો ત્યારે કંઈક સળગતું હોય તેવી સ્મેલ આવતી હતી. ઉપર જોતાં ધૂમાડાના ગોટા જોવા મળ્યા હતા. જેથી તાત્કાલિક ફાયર બ્રિગેડને જાણ કરી હતી. આ કોમ્પલેક્સને અગાઉ પાંચ વખત ફાયર NOC માટે નોટિસ અપાઈ ચૂકી છે. જીમમાં ફાયર સેફ્ટીના સાધનોનો અભાવ હતો, જે અંગે પણ જીમ સંચાલકને નોટિસ ફટકારાઈ હતી. જણાવી દઈએ કે, ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીના કાર્યાલયની સામે આવેલા કોમ્પલેક્સમાં આગ લાગી હતી.

સુરત શહેરના મેયર દક્ષેશ માવાણી પણ ઘટનાસ્થળે પહોંચ્યા હતા. આ દરમિયાન તેમણે જણાવ્યું હતું કે, શોર્ટ સર્કિટ થવાના કારણે આગ લાગી હતી. આ કોમ્પલેક્ષને ફાયર NOC માટે નોટિસ પણ આપી હતી. સુરતના સિટીલાઈટ વિસ્તારમાં આવેલા શિવપૂજા કોમ્પલેક્સમાં મોટી દુર્ઘટના બની છે. શિવપૂજા કોમ્પલેક્સના ચોથા માળે જીમ અને સ્પામાં વિકરાળ આગ લાગતા બે મહિલાના મોત નિપજ્યાં છે. જ્યારે અન્ય ત્રણ જેટલા લોકોને બચાવી લેવામાં આવ્યા છે. જો કે તાત્કાલિક ફાયર વિભાગને જાણ કરાતા ૧૦થી વધુ ગાડીઓ ઘટના સ્થળે આવી પહોંચી હતી અને આગ પર કાબૂ મેળવ્યો હતો.

રાજકોટ ટીઆરપી અગ્નિકાંડ બાદ હાલ જે વિકટ પરિસ્થિતિ કોર્પોરેશન માટે ઊભી થઈ તે બાદ ફાયર એનઓસી ના નિયમોને અત્યંત જટિલ બનાવવામાં આવ્યા હતા. તે માત્ર રાજકોટ પૂરતા જ સીમિત નહીં પરંતુ સમગ્ર રાજ્યમાં તેની યોગ્ય અમલવારી થાય તે મુજબના પગલાં લેવામાં આવ્યા પરંતુ હાલ સુરતમાં જે ફરી એક વખત આગની ઘટના ઘટી તે એક નહીં અનેક પ્રશ્નો ઊભા કરે છે સાથો સાથ તંત્ર સામે પણ અનેક પ્રશ્નો ઊભા થઈ રહ્યા છે કારણકે જે જગ્યાએ આગ લાગી તેને એકવાર નહીં અનેકવાર ફાયર એનઓસી લેવા માટે તાકીદ કરવામાં આવી હતી છતાં તેના દ્વારા આ અંગે કોઈ પણ ગંભીરતા દાખવવામાં આવી ન હતી.

હાલ જે આગની ઘટના ઘટી તેમાં જવાબદારી કોની ફિક્સ થશે તે તો આવનારો સમય જણાવશે પરંતુ આ પ્રકારની ઘટના ઉપર અંકુશ મેળવવામાં નહીં આવે અને યોગ્ય વ્યવસ્થા અને આકરું વલણ તંત્ર દ્વારા દાખવવામાં નહીં આવે તો એક નહીં આ પ્રકારની અનેક દુર્ઘટનાઓ ઘટી શકે છે. રાજ્ય સરકારે અને સ્થાનિક પ્રશાસને આ અંગે ગંભીરતાપૂર્વક વિચાર કરવો ખૂબ જરૂરી છે.



### પરસ્પર સ્નેહ, સમર્પણ, વિશ્વાસ ખતમ થઇ જાય તો ડખ્ખે ચડી જાય દામ્પત્ય જીવન

# બેવફા પત્નિના પ્રેમીને પતિએ ક્રુરતાથી મોતને ઘાટ ઉતાર્યો

## પહેલા બોથડ પદાર્થના ઘા માર્યા, પછી ગળુ દાબી દીધુંઃ હત્યારા પતિની ધરપકડઃ બીજી ઘટનામાં ચોરી માટે રેકી કરવા કારખાનામાં ઘુસેલા બે પૈકી યુવાનની હત્યાઃ આઠ ઝડપાયા

**(દર્શનસિંહ જાડેજા દ્વારા)**
**રાજકોટ મિરર તા. ૬**

રાજકોટઃ દામ્પત્ય જીવનમાં પતિ-પત્નિ પરસ્પર સ્નેહ, વિશ્વાસ રાખે તો સંસાર જીવનની સફર સુખેથી આગળ વધી શકે છે. પરંતુ બેમાંથી કોઇ બેવફાઇ પર ઉતરી આવે તો પરિણામ ઘણીવખત અણધાર્યુ અને ચોંકાવનારુ આવતું હોય છે. વધુ એક વખત લવલફરા, આડાસંબંધો હત્યાનું કારણ બન્યા છે. પત્નિ દગાખોરી કરી બીજા સાથે પ્રેમમાં પડી જતાં પતિને તેની જાણ થઇ જતાં રોષે ભરાયેલા પતિએ પત્નિના પ્રેમીને બોથડ પદાર્થ ફટકારી તેમજ ગળુ દબાવી હત્યા કરી નાખી હતી. પોલીસે હત્યારા પતિની ધરપકડ કરી હતી. બીજા એક કિસ્સામાં ચોરી કરવા આવ્યાની શંકાએ બે યુવકોએ મજૂરોને ધોકાવી નાખી એકની લોથ ઢાળી દીધી હતી. પોલીસે આ કિસ્સામાં આઠને પકડી લીધા હતાં.

હત્યાની પ્રથમ ઘટના પર નજર કરીએ તો લસકાણા વિસ્તાર ખાતે લૂમ્સના ખાતામાં હત્યા કરાયેલી લાશ મળી આવી હતી. પત્નિ સાથે પ્રેમસંબંધ ધરાવતાં શખ્સની પતિએ બોથડ પદાર્થ વડે માર મારી ગળાના ભાગે પગથી દબાવી હત્યા કરી નાખી હતી. સુરત સરથાણા પોલીસે હત્યારા પતિની ધરપકડ કરી હતી. લસકાણા કૃષ્ણનગર ઈન્ડસ્ટ્રીમાં હત્યા કરાયેલી એક લાશ મળી આવી હતી. સરથાણા પોલીસે આ ઘટના અંગે તપાસ કરતાં ગણતરીના કલાકોમાં હત્યારાની ધરપકડ કરી હતી. લસકાણાના પ્લોટ નંબર ૧૪૬-૧૪૭માં હત્યા થઈ છે. આ અંગે પોલીસને ખાતાના માલિકે જાણકારી આપી હતી. આ કારખાનાના માલિક રમેશ વઘાસિયાએ જણાવ્યું હતું કે અગાઉ તેમના ખાતામાં નોકરી કરતા આરોપી અર્જુન કેવળની પત્નિ સાથે જયેશ દેશરાજના પ્રેમસંબંધ હતા. અવારનવાર મૃતક જયશંકર આરોપીની પત્નિ સાથે ફોન પર વાતચીત કરતો હતો. એ બાબતે અગાઉ પણ ખાતામાં બોલાચાલી થઈ હતી. આરોપી અર્જુન જયશંકર સાથે આ બાબતે ઝઘડો કર્યો હતો. ઝઘડો ઉગ્ર બનતાં અર્જુનને જયશંકરને બોથડ પદાર્થ વડે માર મારીને ગળાના ભાગે પગથી દબાવી હત્યા કરી નાસી ગયો હતો.



પોલીસે આજુબાજુના સીસીટીવી કેમેરાની તપાસ હાથ ધરી આરોપી અર્જુનની કામરેજથી ધરપકડ કરી હતી. આરોપી અર્જુન મૂળ ઉત્તર-દેશના ફતેપુરનો રહેવાસી છે, જ્યારે મૃતક જયશંકર પણ ઉત્તરપ્રદેશના આલમપુરનો રહેવાસી હતો. બંને લસકાણા ઈન્ડસ્ટ્રિયલ એરિયામાં નોકરી કરતા હતા.

હત્યાની બીજી ઘટના ગાંધીધામમાં બની છે. શહેરની જીઆઈડીસીમાં આવેલી ફેક્ટરીમાં ચોરી કરવાના ઈરાદે ઘૂસેલાં બે યુવકોને સ્થાનિક મજૂરોએ પકડી પાડી ઢોર માર મારતા એકનું મૃત્યુ નીપજ્યું હતું. ઘટનામાં અન્ય એક જણને ફ્રેક્ચર સહિત વિવિધ અંગોમાં ગંભીર ઈજાઓ પહોંચી હતી. નવા વર્ષના દિવસે બનેલી ઘટના અંગેની ફરિયાદ ગઈકાલે શહેર બી ડિવિઝન મથકે નોંધાઈ હતી.

હત્યાના આ બનાવમાં પોલીસે ૮ પરપ્રાંતીય આરોપીઓની અટકાયત કરી હતી. વધુ માહિતી અનુસાર મુળ રાપર તાલુકાના મોટી હમીરપરનો વતની અને ગાંધીધામની કાર્ગો ઝૂંપડપટ્ટીના આઝાદનગરમાં રહેતો એકત્રીસ વર્ષિય કાનજી વેલાભાઈ ગોહિલ નજીકમાં રહેતા મિત્ર મુકેશ છગન કોલી સાથે જીઆઈડીસીમાં આવેલી ઓમ ઈન્ડસ્ટ્રીઝમાં ચોરીના હેતુથી રેકી કરવા અંદર ઘુસ્યો હતો.

આ વખતે ફેક્ટરીમાં રહેતા પાંચથી આઠ જેટલાં મજૂરોએ બન્નેને ઘેરી લીધાં હતાં. કંપનીના હિન્દીભાષી કામદારોએ આ બન્ને જણાંને ધોકા અને મુક્કા લાતોથી ઢોર માર મારી ઘાયલ કરી મુક્યા હતાં. બનાવની જાણ થતાં પોલીસન સ્થળ પર દોડી ગઈ હતી અને કાનજી તથા મુકેશને રામબાગ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડ્યાં હતાં. જ્યાં ગંભીર ઈજા પામેલા મુકેશને ભુજની જીકે જનરલ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો, જ્યાં સારવાર દરમિયાન તેનું મૃત્યુ નીપજતાં બનાવ હત્યામાં પલટાયો હતો. જ્યારે તેના સાથી કાનજીને પગમાં ફ્રેક્ચર સહિત વિવિધ અંગોમાં ગંભીર ઈજાઓ પહોંચી હતી.

ઘટના અંગે ગાંધીધામ બી ડિવિઝન પોલીસે ગત રાત્રે આઠ આરોપીઓની અટક કરી લીધી હતી. જેમાં મૂળ બિહારને યુપી રાજ્યના સુભાષ મદન અગ્રવાલ, અમિયા રવીન્દ્રનાથ મંડલ, ગુલશનકુમાર જ્ઞાની મહંતો, વીરેન્દ્ર બંકી યાદવ, ભોલું બંકી યાદવ, શંકર છોટેલાલ ગુપ્તા, રાજકુમાર રામાયણ યાદવ અને રમેશ ચંદ્રિકા યાદવ સામે હત્યા સહિતની કલમો તળે ગુનો નોંધી વધુ તપાસ પોલીસ ઈન્સ્પેક્ટર એસ. વી. ગોજીયા કરી રહ્યા છે.

# ગુજરાત ખેત જમીન ટોચ મર્યાદા ધારો ૧૯૭૨ - ૧૯૭૬ રદ્દ કરવા માંગણી

## શ્રી ગુજરાત રાજ્ય કાઠી - ક્ષત્રીય સમાજ સંગઠનની મુખ્યમંત્રીને લેખિત રજૂઆત

રાજકોટ મિરર, તા.૬

શ્રી ગુજરાત રાજ્ય કાઠી - ક્ષત્રીય સમાજ સંગઠનના આગેવાનોએ મુખ્યમંત્રીને લેખિત રજૂઆત કરીને ગુજરાત ખેત જમીન ટોચ મર્યાદા ધારો - ૧૯૭૨ - ૧૯૭૬ રદ્દ કરવા માંગણી કરી છે.

મુખ્યમંત્રી અને ભાજપના પ્રદેશ અધ્યક્ષ સી.આર.પાટીલને કરાયેલી રજુઆતમાં શ્રી ગુજરાત રાજ્ય કાઠી - ક્ષત્રીય સમાજ સંગઠનના પ્રમુખ પ્રમુખ દ.શ્રી સત્યજીતકુમાર ખાચર-જસદણ સેક્રેટરી એમ.ડી. માંજરીયા-રાજકોટ, ઉપપ્રમુખ જયરાજભાઈ દેવકુભાઈ વિકમા-રૂપાવટી દ્વારા જણાવાયું છે કે, ગુજરાત રાજ્યમાં હાલ ખેત જમીન ટોચ મર્યાદા ધારો ૧૯૭૨ - ૧૯૭૬ અમલમાં છે. આ કાયદામાં મોટા ભાગની જમીન ટોચ મર્યાદામાં રાજા રજવાડાઓ નાના મોટા ગિરાસદારો તથા અન્ય અમારા સમાજના જમીનદારોની વીડી તથા ખેતીની જમીન સંપાદન થાય છે, અને હજુપણ આ કાયદા હેઠળ ઘણા કેસો અસર તળે ચાલે છે.

આ ઉપરાંત અમારા સમાજના ધાર્મિક સ્થળોની, મંદિરોની વિગેરેની કે, જે નિર્વાહ તથા ઘાસચારા માટે અગાઉ રાજા રજવાડાઓ ગિરાસદારો તથા અમારા સમાજના અન્ય ખાતેદારશ્રીઓ એ હજારો એકર જમીન દાનમાં આપેલ છે, આ જમીન ઉપર ખેત જમીન ટોચ મર્યાદા લાગુ કરી ટોચ ક્ષેત્રથી વધુ જમીન હોઈ તેને ફાજલ કરેલી છે,

આવો કિસ્સો તાજેતરમાં સુરેન્દ્રનગર જીલ્લાના ચોટીલા તાલુકાના નવા સુરજદેવળને (મંદિરને) નિર્વાહ, પશુઓના ઘાસચારા માટે, વીડની જમીન તથા ખેતીની જમીન દાનમાં આપેલ છે, તેને મામલતદાર ચોટીલાએ આ કાયદા હેઠળ ફાજલ જાહેર કરેલ છે, આવા કિસ્સાઓ ઘણા છે, તો રાજા રજવાડાઓએ ગિરાસદરોએ, એકમ વખતે રાજા રજવાડાઓ, અખંડ ભારત વખતે શ્રી સરદાર વલ્લભભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને સોપી દીધેલ છે.

તેઓશ્રીને પણ નિર્વાહ માટે કોઈ આ કાયદામાં વધારાની જમીન આપવાની ઉક્ત રાજા રજવાડાઓ / ગિરાસદારો વિગેરેને કોઈ જમીન આપવા પાત્ર આપેલ નથી. તેમજ અગાઉ આ કાયદા હેઠળ ફાજલ થયેલ જમીન કે, જે જમીનનો કબજો સરકારએ લઇ લીધેલ છે, તેવી જમીન હાલમાં કોઈને ફાળવેલ ન હોય, અને ખુલ્લી હોય, તેવી જમીન અસર કરતાઓને આ કાયદો રદ્દ કરતી વખતે ધ્યાનમાં લઇ, તેઓને તેવી જમીન પરત સોપવી જરૂરી છે. ઉક્ત રજૂઆત ધ્યાને લઇ, જેમ ભારતભરમાં પૂર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપેયી દ્વારા શહેરી જમીન ટોચ મર્યાદા કાયદો ૧૯૭૬ સમગ્ર ભારતમાંથી રદ્દ કર્યો તેમ ગુજરાતનો ખેત જમીન ટોચ મર્યાદા કાયદો - ૧૯૭૨ તથા ૧૯૭૬ નો કાયદો તાત્કાલિક અસરથી રદ્દ કરવા માંગણી છે. આ કાયદો ગુજરાત સરકાર દ્વારા અમલમાં લાવેલ હોય, જેથી આ કાયદો રદ્દ કરવાની સત્તા પણ ગુજરાત સરકારની છે, જેથી ગુજરાતનો ખેત જમીન ટોચ મર્યાદા કાયદો - ૧૯૭૨ તથા ૧૯૭૬ નો કાયદો તાત્કાલિક અસરથી રદ્દ કરવા દ.શ્રી સત્યજીતકુમાર ખાચર-જસદણ, ઉપપ્રમુખ જયરાજભાઈ દેવકુભાઈ વિકમા-રૂપાવટી અને સેક્રેટરી એમ.ડી. માંજરીયા-રાજકોટ દ્વારા માંગ કરાઈ છે.

ગુજરાત ખેત જમીન ટોચ મર્યાદા અધિનિયમ ૧૯૬૦ની કલમ ૨૬ હેઠળ કોઈપણ વ્યક્તિ ખેતીની જમીન ધારણ કરે તો તેની મહત્તમ મર્યાદા નક્કી કરવામાં આવે છે. જેમાં જમીનના પ્રકાર એટલે કે જમીનની ઉપજાવતા કેટલી છે ? સિંચાઈની વ્યવસ્થા શું છે ? તે આધારે દરેક ગામની જમીનને વિભાજીત કરવામાં આવતી હોય છે. ત્યારે ટોચ મર્યાદા નિયમને ધ્યાને લઈ અનેકવિધ કેસો હજુ પેન્ડીંગ પડેલા છે જેનો નિકાલ લાવો જરૂરી છે.

# આજે રાષ્ટ્રીય કેન્સર જાગૃતિ દિવસ

રાજકોટ મિરર, તા.૬

કેન્સર નિવારણ અને વહેલી તકે તપાસ અંગે જાગૃતિ લાવવા 'રાષ્ટ્રીય કેન્સર જાગૃતિ' દિવસની ઉજવણી કરવામાં આવે છે. રાષ્ટ્રીય કેન્સર નિયંત્રણ કાર્યક્રમની શરૂઆત ૧૯૭૫માં દેશમાં કેન્સરની સારવારની સુવિધાનાં હેતુથી કરવામાં આવી હતી. 'રાષ્ટ્રીય કેન્સર જાગૃતિ દિવસ' પ્રખ્યાત વૈજ્ઞાનિક મેડમ ક્યુરીની જન્મજયંતિએ ૭ નવેમ્બરનાં રોજ ઉજવવામાં આવે છે. તમાકુ અથવા ગુટખાનાં લાંબાગાળાનાં સેવન, સિગારેટ પીવી, દારૂ પીવો, લાંબા સમય સુધી રેડિયેશનનાં સંપર્કમાં રહેવું, આનુવંશિક ખામી, શારીરિક નિષ્ક્રિયતા, નબળું પોષણ અને કેટલીકવાર મેદસ્વીપણું પણ કેન્સરનું કારણ બની શકે છે. સતત ખાંસી અને ગળું બેસી જવું, ત્વચાનાં રંગમાં ફેરફાર, વારંવાર લોહી આવવું, શરીરમાં દુખાવા થવા, સ્ટુલમાં લોહી, યુરીનમાં ફેરફાર વગેરે તેના લક્ષણો છે. કેન્સર એ રોગોનાં જૂથનું એક સામાન્ય નામ છે, જેમાં શરીરનાં અંદરના કેટલાક કોષો અમુક કારણોસર અનિયંત્રિત બનીને વધે છે. સારવાર ન થવાથી તે આસપાસની સામાન્ય પેશીઓમાં અથવા શરીરનાં અન્ય ભાગોમાં ફેલાય છે અને તે ગંભીર બીમારી, અપંગતા અને મૃત્યુનું કારણ બની શકે છે. ભારતમાં સૌથી વધારે કેન્સરનાં કેસો પંજાબમાં જોવા મળે છે જેના કારણે ત્યાં 'કેન્સર ટ્રેન' પણ ચલાવવામાં આવે છે. આ પાછળનું કારણે જમીન અને પાણીનું સતત થતું પ્રદુષણ છે. આ ઉપરાંત તમાકુમાં મળી આવતું નિકોટીન, જંક ફૂડમાં રહેલા પ્રિઝર્વેટિવ્સ, જંતુનાશકો અને અન્ય હાનિકારક ઘટકો, આર્સેનિક, બેન્ઝિન, એસ્બેસ્ટોસ અને જેવા પર્યાવરણીય ઝેરી પદાર્થો, માંસાહાર જેવા પદાર્થો કેન્સરનાં જોખમો વધારે છે. સંતૃપ્ત ચરબી ધરાવતો ખોરાક (માંસાહાર) ખાવાથી માનવશરીરમાં ઘણી પરેશાનીઓ ઉભી થવાની શક્યતા રહે છે. બ્લડ-પ્રેશર, કોલેસ્ટેરોલથી શરૂ કરીને મેદસ્વીપણાની સમસ્યાનો શિકાર બનતાં વાર નથી લાગતી ! લાંબાગાળે માંસાહારની આદત શરીરમાં બિમારીઓને આમંત્રણ આપે છે, જે મનુષ્યની ઉંમર ઘટાડવાનું કામ કરે છે. ડોક્ટર્સ અને સંશોધકો લાંબી આયુ માટે, નીરોગી રહેવા માટે શાકાહાર પર પસંદ ઉતારવાની તાકીદ કરે છે તે પાચનતંત્ર માટે સુયોગ્ય ખોરાક છે. વેજિટેરિયન ખોરાકમાં રહેલું ફાઇબર પાચનતંત્રને વધુ કાર્યક્ષમ અને બહેતર બનાવવાનું કામ કરે છે. નોન-વેજ ફૂડમાં ફાઈબરનું પ્રમાણ ઓછું હોવાથી તે આરોગનાર વ્યક્તિને પાચન-સંબંધી ઘણી સમસ્યાઓ નડે છે. ફ્રૂટ, શાકભાજી, કઠોળ વગેરેમાં ફાઇબરનું પ્રમાણ ખાસ્સું વધારે હોવાથી હેલ્થ એક્સપર્ટ્સ હંમેશા શાકાહારને વધુ પ્રાધાન્ય આપે છે. શરીરમાં સ્ફૂર્તિ અને તાજગી વધારવા માટે શાકભાજી સાથે દેશી ગાયનાં દૂધનો પણ ઉપયોગ કરી શકાય છે. કેન્સરને મટાડવા માટે 'પંચગવ્ય ચિકિત્સા'ને પણ ઉપયોગમાં લેવામાં આવે છે. ગાયનાં ગૌમૂત્રનાં ઉપયોગથી કેન્સર મટ્યાનાં ઘણા દાખલા છે.

ભારતનાં પ્રાચીન ઈતિહાસ પર નજર કરીએ તો ઋષિમુનીઓ પણ શાકાહાર કરવાની તેમજ શરીરને સ્વસ્થ રાખવા માટે આયુર્વેદને અનુસરવા જણાવ્યું છે. 'આયુર્વેદ' ભારતની સંસ્કૃતિ છે. આજે સમગ્ર વિશ્વએ આયુર્વેદનો સ્વીકાર કર્યો છે. ચરક ઋષિનું 'ચરક સંહિતા' અને સુશ્રુત ઋષિનું 'સુશ્રુત સંહિતા' ભારતનાં આયુર્વેદિક વારસાનાં મહત્વનાં ઉદાહરણો છે.

કેન્સર એ ચેપી રોગ નથી માટે તેનાથી ગભરાવવું ન જોઈએ. સ્વસ્થ જીવનશૈલીને અનુસરવાથી આવા હાનિકારક રોગોથી બચી શકાય છે. યાદ રાખો, 'કેન્સર' એટલે 'કેન્સલ' નહીં.

### અઢી અક્ષરના પ્રેમના નામે ખેલ ખેલતા લફંગા કહેવાતા પ્રેમીઓથી ચેતતા રહેજો

# પરણેલા ઢગાએ કુંવારી યુવતિને ફસાવી માતા બનાવી!

## યુવતિએ બાળકને જન્મ આપ્યા પછી પ્રેમી તરછોડીને ભાગી ગયોઃ સર્વસ્વ ગુમાવી ચુકેલી યુવતિએ પોલીસની મદદ લીધી

**(દર્શનસિંહ જાડેજા દ્વારા)**
**રાજકોટ મિરર તા. ૫**

રાજકોટઃ ફ્રેન્ડશીપ, લવ, પ્રેમના નામે લેભાગુઓ સગીરાઓ, યુવતિઓ કે પરિણીતાઓને પોતાની મોહજાળમાં ફસાવી લઇ તેનું સર્વસ્વ લૂંટી લઇ જીવન બરબાદ કરી નાખતા હોય છે. આવી અનેક ઘટનાઓ અત્યાર સુધીમાં બની ચુકી છે. ઘણા કિસ્સામાં તો શારીરિક ઉપરાંત આર્થિક રીતે પણ શોષણ કરવામાં આવતું હોય છે. બ્લેકમેઇલ કરીને જે તે યુવતિ કે પરિણીતા સાથે વારંવાર દૂષ્કર્મ આચરવાની સાથે તેની પાસેથી રોકડ દાગીના પણ પડાવી લેવાતા હોય છે. તો આવા કિસ્સાઓમાં લવ સેક્સ ધોખાની ઘટનાઓ પણ અનેક વખત બની ચુકી છે. વધુ એક આવો કિસ્સો સામે આવ્યો છે જેમાં પરણેલા ઢગાએ એક યુવતિને લગ્નનું વચન આપી પોતાની જાળમાં ફસાવી લીધી હતી. પછી વારંવાર દૂષ્કર્મ પણ આચર્યુ હતું. છેલ્લે યુવતિ ગર્ભવતી બની જતાં અને બાળકને જન્મ આપતાં આ કહેવાતો હવસખોર પ્રેમી તેને તરછોડીને ભાગી ગયો હતો. દગાખોરીનો ભોગ બનેલી કુંવારી યુવતિ માતા બની જતાં અંતે તેણે પોલીસની મદદ લીધી હતી.

આ ચોંકાવનારી ઘટનાની વિગતો જોઇએ તો ગાંધીનગર શહેર નજીક આવેલા પેથાપુર પંથકના ગામમાં રહેતી યુવતીને પરિણીત પ્રેમીએ પ્રેમ જાળમાં ફસાવી લગ્નની લાલચ આપીને કુંવારી માતા બનાવી તરછોડી દેતા આખરે યુવાન સામે બળાત્કારનો ગુનો પેથાપુર પોલીસ મથકમાં દાખલ થવા પામ્યો છે. જેના આધારે પોલીસે તપાસ હાથ ધરી હતી. છેલ્લા ઘણા સમયથી સમાજમાં પરિણીત યુવાનો દ્વારા યુવતીઓને પ્રેમ જાળમાં ફસાવીને તેમને પોતાની હવસનો શિકાર બનાવવામાં આવતો હોય છે ત્યારે વધુ એક આ પ્રકારની એક ઘટના ગાંધીનગર નજીક આવેલા



પેથાપુર પંથકના ગામમાં બનવા પામી છે.

લવ સેક્સ ઔર ધોખા જેવી આ ઘટના બીજા શહેરની છે પરંતુ તમામ એવી સગીરાઓ, યુવતિઓ, પરિણીતાઓ માટે લાલબત્તી સમાન છે જે ગમે તેની સાથે મિત્રતા અને પ્રેમના નામે આગળ વધી જતી હોય છે. આ ઘટના તેની પ્રતિતી કરાવે છે કે લવના નામે હાલી નીકળતાં લફંગાઓથી દૂર જ રહેવું. આ ઘટના અંગે પોલીસ સુત્રોએ જાહેર કરેલી વિગતો પર નજર કરીએ તો પરિણિત યુવાન અને યુવતી એક જ ગામમાં રહેતા હોવાથી અઢી એક વર્ષ અગાઉ એકબીજાના સંપર્કમાં આવ્યા હતા. ધીમે ધીમે બંને વચ્ચે મુલાકાતનો દોર શરૂ થતાં બંને ગાઢ પ્રેમમાં પડયા હતા. યુવતિ કુંવારી હતી અને પ્રેમી પરણેલો હતો, આમ છતાં યુવતિને એવા આંબા આંબલી બતાવાયા હતાં કે તે પ્રેમીની દાનતને પારખી શકી નહોતી. આ દરમ્યાન પરણિત યુવાન પ્રેમિકાને લગ્ન કરવાના વાયદાઓ કરી શારીરિક શોષણ ચાલુ કરી દીધું હતું. યુવતી લગ્નની વાત કરે તો યુવક કોઈને કોઈ બહાનું બતાવી ને વાત ટાળી દેતો હતો. સમય જતાં યુવતી ગર્ભવતી થઈ હતી. એ વખતે પણ પ્રેમીએ લગ્ન કરવાનો વાયદો કર્યો હતો. આમને આમ નવ મહિને યુવતીએ બાળકને જન્મ આપ્યો હતો!

આ સ્થિતિને કારણે યુવતીના પરિવારજનોના માથે આભ ફાટયા જેવી સ્થિતિ પણ સર્જાઈ હતી. બીજી તરફ પરિવારજનોએ પણ યુવાનને સમજાવ્યો હતો પરંતુ તેણે પ્રેમિકાને સ્વીકારવાની ઘસીને ના પાડી દઈ તરછોડી દીધી હતી. પરણેલા પ્રેમીની આવી દગાખોરીને કારણે સર્વસ્વ ગુમાવી ચુકેલી અને કુવારી માતા બની ચુકેલી યુવતિની પગ તળેથી ધરતી સરકી ગઈ હતી.

પ્રેમીને સમજાવ્યો છતાં તે અપનાવવા તૈયાર થતો ન હોઇ ના છુટકે યુવતિ પોલીસ પાસે દોડી જતાં પોલીસે બળાત્કારનો ગુનો નોંધી લેભાગુ લફગા પરણેલા પ્રેમીને કાયદાની ભાષા સમજાવવાની કાર્યવાહી હાથ ધરી હતી. આજના યુગમાં સોશિયલ મિડીયાથી કે પછી રૂબરૂ મળીને લેભાગુ પ્રેમીઓ જે તે સગીરાઓ, યુવતિઓને ફસાવતાં હોય છે. આવા કહેવાતા પ્રેમીઓથી બચતાં રહેવાનો સમય છે. અન્યથા જિંદગી બરબાદ થઇ જતાં વાર નથી લાગતી. આ ઘટના તેનો વધુ એક પુરાવો આપી રહી છે.

### ઓકટોબરમાં રાજ્યમાં રેકોર્ડ સર્જતી ગરમી પડીઃ હવે વાતાવરણમાં આવશે બદલાવ

# ઠંડી માટે હજુ પખવાડીયાની રાહઃ રાજકોટ બની રહ્યું ગરમ શહેર

## ધાબળા, શાલ, ગરમ કપડા કાઢવા પડે એવી ટાઇઢ માટે હજુ ડિસેમ્બરની જોવી પડશે રાહઃ સમ્રગ સૌરાષ્ટ્રમાં હજુ ઉનાળાનો અહેસાસ રહેશે

(દર્શનસિંહ જાડેજા દ્વારા)
રાજકોટ મિરર તા. ૬

રાજકોટઃ આ વર્ષે વરસાદે બેફામ વરસીને અને સીઝન પુરી થયા પછી પણ મુશળધારે ત્રાટકીને ખેડુતોના ઉભા પાકને, તૈયાર પાકને ભારે નુકસાન પહોંચાડ્યુ હતું. હવે શિયાળાના આગમનની છડી પોકારાઇ ચુકી છે. જો કે ઋતુચક્રમાં ફેરફાર થયો હોય તેમ નવરાત્રીથી સૌરાષ્ટ્રમાં ઠંડીને બદલે ઉનાળા જેવી ગરમીથી લોકો ત્રાહિમામ પોકારી ગયા છે. તેમાં પણ હાલમાં રાજ્યમાં રાજકોટ શહેર સૌથી ગરમ શહેર તરીકે જાહેર થયું છે. ઠંડી માટે લોકોએ હજૂ એકાદ પખવાડીયા જેટલી રાહ જોવી પડશે. તે પછી ઠંડીનો રાઉન્ડ શરૂ થશે તેવું હવામાન ખાતાના સુત્રો, નિષ્ણાંતો કહી રહ્યા છે.

હાલ નવેમ્બર મહિનો ચાલી રહ્યો છે ત્યારે રાજકોટ, અમદાવાદ સહિત રાજ્યભરમાં રાત્રે સામાન્ય ઠંડીનો અનુભવ થઈ રહ્યો છે. સૂર્યાસ્ત બાદ ઠંડીનો માહોલ બનવા લાગે છે, પરંતુ અગાઉનાં વર્ષોમાં નવેમ્બરમાં પડતી ઠંડી જેવો હજુ માહોલ જામ્યો નથી. ત્યારે હવામાન વિભાગે નવેમ્બરના પહેલા પખવાડિયામાં જ સામાન્ય ઠંડી પડશે એવી આગાહી કરી છે. દરમિયાન ડિસેમ્બરથી હાડ ગાળતી ઠંડી સહેવા માટે તૈયાર રહેવાની આગાહી કરી દીધી છે.

દિવાળીના તહેવારથી લઈ અત્યાર સુધીમાં હવામાં ભેજનું પ્રમાણ ઘટતા બપોરે ગરમીનું સામ્રાજ્ય છવાયુ હતું. તહેવારના સમયમાં તો તાપમાનનો પારો ચાલીસ ડિગ્રી સુધી પહોચી ગયો હતો. બીજી બાજૂ દિવાળીમાં ફટાકડાના કારણે પણ તાપમાનમાં બે-ત્રણ ડિગ્રીનો તફાવત રહ્યો હતો. સમગ્ર રાજ્યમાં રાજકોટ આજે પણ હોટ સીટી બન્યું હતું. રાજકોટ શહેરમાં મહતમ તાપમાન ૩૮.૪ ડિગ્રી આસપાસ નોંધાયુ હતું. જ્યારે સવારે હવામાં ભેજનું પ્રમાણ ૭૧ ટકા રહેવા પામેલ હતું. જ્યારે લઘુતમ તાપમાન ૨૦.૯ ડિગ્રી નોંધાયું હતું. ગઇ બપોરે તાપમાન ૩૮.૪ ડિગ્રીએ પહોચી જતા શહેરીજનો આકરા તાપમાં અકળાયા હતા. ધીમા પગલે શિયાળાનું આગમન થયું હોવા છતા પણ લોકોને બપોરે અને સાંજે એસી, કુલર, પંખાનો સહારો લેવો પડે છે.




**ગુજરાતમાં ઓક્ટોબરમાં રેકોર્ડબ્રેક ગરમી પડી, નવેમ્બરમાં થોડું વાતાવરણ બદલાશે; ડિસેમ્બરમાં હાડ ગાળતી ઠંડી પડવાની આગાહી**

હવામાન વિભાગ દ્વારા દર મહિનાની શરૂઆતના દિવસોમાં સંપૂર્ણ મહિના દરમિયાન દેશભરમાં કેવું વાતાવરણ રહેશે તે અંગે આગાહી વ્યક્ત કરવામાં આવે છે, ત્યારે નવેમ્બર ૨૦૨૪માં ગુજરાત રાજ્ય માટે પણ આગાહી કરવામાં આવી છે. સામાન્ય રીતે નવેમ્બર મહિનાની શરૂઆતથી જ એટલે કે દિવાળી બાદ ગુજરાતમાં ગુલાબી ઠંડીની શરૂઆત થઈ જતી હોય છે. પરંતુ આ વર્ષે ચોમાસું લાંબુ ખેંચાયું હતું. જેને કારણે ચોમાસા બાદ સંપૂર્ણ ઓક્ટોબર મહિનામાં અત્યંત ભારે ગરમી વર્તાઇ હતી. ત્યારબાદ નવેમ્બર મહિનાની શરૂઆતથી જ રાત્રિ દરમિયાન રાજ્યના કેટલાક વિસ્તારમાં સામાન્ય ઠંડીનો અનુભવ થઈ રહ્યો છે, પરંતુ હવામાન વિભાગની આગાહી મુજબ નવેમ્બર મહિનાનું પ્રથમ પખવાડિયું જોઈએ તેવી ઠંડી રહેશે નહીં.

આ ઉપરાંત હવામાન વિભાગે એવુ પણ કહ્યું હતું કે ઓક્ટોબર મહિનામાં આ વર્ષે તમામ રેકોર્ડને તોડતા સૌથી વધુ મહત્તમ તાપમાન રહ્યું હતું. દેશભરમાં ઓક્ટોબર મહિનો વર્ષ ૨૦૨૪ માટે મહત્તમ તાપમાન વધુ રહ્યું હતું, જેને કારણે ચોમાસા બાદ ફરી એક વખત ઉનાળો શરૂ થયો હોય તેવી સ્થિતિ દેશવાસીઓ સહિત ગુજરાતમાં રહેતા લોકોએ અનુભવી હતી. નવેમ્બર મહિનાની શરૂઆતથી જ રાજ્યના લઘુતમ તાપમાનમાં સામાન્ય ઘટાડો થતાં મધરાત્રિથી લઈને વહેલી સવાર સુધી સામાન્ય ઠંડીનો અનુભવ થાય છે. જે નવેમ્બર મહિનાના પ્રથમ સપ્તાહ અને બીજા સપ્તાહમાં યથાવત્ રહેશે, ત્યારબાદ ધીમે ધીમે ઠંડીની શરૂઆત થવાની શક્યતાઓ હવામાન વિભાગે વ્યક્ત કરી છે. ભારતીય હવામાન વિભાગના જણાવ્યા મુજબ આ વર્ષે એટલે કે વર્ષ ૨૦૨૪માં ગુજરાત રાજ્ય માટે મહત્તમ તાપમાન સામાન્ય કરતાં ઓછું રહેવાની શક્યતાઓ છે, જ્યારે લઘુતમ તાપમાન સામાન્ય કરતાં વધુ રહેશે. એટલે કે લઘુતમ અને મહત્તમ તાપમાનમાં ખૂબ મોટો તફાવત ન રહેતા નવેમ્બર માસના પાછલા પખવાડિયામાં દિવસ અને રાત્રિના તાપમાનમાં મોટો ફેરફાર ન થતાં દિવસે પણ ઠંડકનો અનુભવ થશે.

સૌરાષ્ટ્રમાં ગઇકાલે નોંધાયેલા તાપમાનના આંકડા પર નજર કરીએ તો ભાવનગરમાં ૩૬.૦, દ્વારકામાં ૩૪.૯, ઓખામાં ૩૧.૪, પોરબંદરમાં ૩૬.૫, વેરાવળમાં ૩૬.૬, દીવમાં ૩૪.૪, સુરેન્દ્રનગરમાં ૩૭.૫, મહુવામાં ૩૫.૮, કેશોદમાં ૩૬.૨, કચ્છના ભૂજમાં ૩૭.૩, નલીયામાં ૩૭.૮, કંડલા એરપોર્ટમાં ૩૬.૪ ડિગ્રી તાપમાન નોંધાયુ હતું.

હાલમાં સૌરાષ્ટ્ર-ગુજરાતવાસીઓ જે પ્રકારે દિવસે અત્યંત ભારે ગરમીનો અનુભવ કરી રહ્યા છે. તે પ્રથમ પખવાડિયા બાદ ઓછી માત્રામાં રહેશે. નવેમ્બર મહિનામાં સામાન્ય રીતે ઠંડીની શરૂઆત થઈ જતી હોય છે, પરંતુ આ વર્ષે અલનીનોની અસરને પગલે શિયાળો મોડો શરૂ થયો હોય તેવો અનુભવ રહેશે અને અલનીનોની અસરને કારણે ડિસેમ્બર માસમાં ગુજરાતમાં હાડ થીજવતી ઠંડીનો અનુભવ થઈ શકે છે. કારણ કે નવેમ્બર માસના પાછલા પખવાડિયાથી ગુજરાતમાં શિયાળાની શરૂઆત થઈ હોય તેવો અનુભવ થશે.



રાજકોટ મિરર
તંત્રીની કલમે

# વશીકરણ ખસીકરણ

## ગુન્હાખોરીમાં યોગ-પ્રયોગ બચવા માટે ઉર્જા પાવર વધારો અથવા...



લાભ પંચમીના દિને એક ગુન્હાખોરને ગજબનો લાભ થયો છે. સૌરાષ્ટ્રના ગામડામાંથી માની ન શકાય તેવી ઘટના નોંધાઈ છે. ગોંડલના મોવિયા ગામે સાધુના વેશમાં આવેલા એક ગઠીયાએ વશીકરણ કરીને ખેડૂત પાસેથી રૂપિયા દોઢ લાખની મત્તા પડાવી લીધી છે. આ ભગવાધારી ફરાર થઈ ગયાનું પણ પોલીસ ફરિયાદમાં નોંધાયું છે.

વિજ્ઞાનના યુગમાં વશીકરણ જેવા શબ્દોને ઘણા ફગાવી દઈને તેને અંધશ્રદ્ધામાં ખપાવે છે. અધ્યાત્મ માર્ગમાં વશીકરણ એક વિદ્યા છે, જે વિધિવત પ્રયોગોથી સિદ્ધ થાય છે. વિજ્ઞાનવાદીઓ ભલે તેને બકવાસ કહે પણ આધુનિક મનોવિજ્ઞાને હીપનોથેરપી નામનું શાસ્ત્ર વિકસાવ્યું છે.

વશીકરણ શબ્દ સાથે નકારાત્મક ભાવ સંકળાયેલો છે. કોઈને વશમાં કરીને ન કરવાના કામો કરાતા હોવાની માન્યતા વ્યાપક પ્રમાણમાં પ્રચલિત છે. વાસ્તવમાં વશીકરણ આધ્યાત્મિક ક્ષેત્રની અતિ પ્રાથમિક વિદ્યા છે. આ વિદ્યા આધ્યાત્મિક સાધનાની ગતિ માટે ઉપયોગી છે. પાવર- વીજળી એ માત્ર પાવર જ છે, કોઈ તેનાથી બલ્બ ઝળહળિત કરે અને કોઈક કરંટ લગાવવાના ધંધા કરે, સંમોહન વિદ્યાથી અનેક રોગોમાં સારવાર પણ પ્રચલિત છે. વશીકરણ નેગેટિવ ન જ હોઈ શકે, ઉપયોગ કરનારનું માનસ નકારાત્મક હોઈ શકે છે.

ધર્મના ક્ષેત્રમાં લાલચુ ભક્તો અતિ ઝડપથી અને સરળતાથી વશીકરણનો ભોગ બને છે કંઈ જ કર્યા વગર મેળવી લેવાની વૃત્તિનો ગેરલાભ કહેવાતા સાધુ સંતો ખૂબ લે છે. આવી કોઈ લાલચમાં પડ્યા વગર સમજદારી પૂર્વક ધર્મક્ષેત્રમાં રહે અને નિરંતર જાગૃત અવસ્થા હોય તો વશીકરણ સંમોહન પ્રયોગની અસર થતી નથી.

સતત સજાગ અવસ્થા સરળ નથી, બીજો ઉકેલ એ છે કે ખુદનું આભામંડળ એટલે કે સૂક્ષ્મ શરીર પાવરફુલ અને મજબૂત હોય તો સંમોહન જેવા પ્રયોગની અસર થઈ શકતી નથી. પાવરફુલ બનાવવા મંત્ર અભિયાન વગેરે જેવી સાધના વિધિવત કરવી પડે. આભામંડળ માણસના અદ્રશ્ય કવચ જેવું કામ કરે છે. એ જેટલું મજબૂત તેટલા પાવરફૂલ ઘા જીલી શકે છે. નકરા ધાર્મિક રહેવાથી આભા મંડળ મજબૂત થતો નથી. મંદિરો અને સાધુ-સંતો પાછળ હડીયું કાઢવાને બદલે આંતરિક યાત્રા કરવી પડે.

સાધુ મહાત્માના નામે ઘણા હાલી નીકળ્યા છે. ઘણા વિધર્મીઓ પણ ભગવા પહેરીને મૂરખ બનાવી રહ્યાની ઘણી ઘટનાઓ જાહેર થઈ ચૂકી છે. અન્ય સામે ગુસ્સો કરવાને બદલે ખુદ જ સનાતનીઓ ધર્મ પ્રત્યે સક્ષમ, જાગૃત અને શક્તિશાળી બને તો કોઈ નેગેટિવિટી અસર ન કરે. પોલીસ ઈચ્છે તો વશીકરણથી ગુન્હાખોરી કરનારના ખસીકરણ કરી શકે છે પણ...



પુ ભકિત સ્વામીજી (હિન્દુ રાષ્ટ્રહિત રક્ષક )
શ્રી સ્વામિનારાયણ સનાતન આશ્રમ-ખીરસરા

# ટ્રમ્પ રાષ્ટ્રપતિ : ભારતને ફાયદો કે નુકસાન?

## ડોનાલ્ડ ટ્રમ્પ રાષ્ટ્રપતિ બનશે તો ભારતના બે પાડોશી પાકિસ્તાન અને બાંગ્લાદેશ પ્રત્યે અમેરિકાનું વલણ બદલાઈ શકે છે

નવીદિલ્હી તા. ૬

અમેરિકામાં રાષ્ટ્રપતિની ચૂંટણીના પરિણામો આવી ગયા છે. ડોનાલ્ડ ટ્રમ્પ આ ચૂંટણી જીતીને અમેરિકાના ૪૭માં રાષ્ટ્રપતિ બન્યા છે. જો કે સમગ્ર વિશ્વની સાથે ભારતની પણ નજર અમેરિકાના રાષ્ટ્રપતિ કોણ બનશે તેના પર ટકેલી હતી. હવે જોવાનું એ રહે છે કે ડોનાલ્ડ ટ્રમ્પ રાષ્ટ્રપતિ બન્યા બાદ ભારતના કયા ક્ષેત્રોને ફાયદો અને નુકસાન થવાની સંભાવના છે. પાંચ મહત્વપૂર્ણ ક્ષેત્રો પર ચર્ચા કરવામાં આવી છે જ્યાં ભારત માટે અમેરિકાની નીતિ મહત્વની છે. જો ચીનની વાત કરીએ તો અમેરિકાના છેલ્લા ત્રણ રાષ્ટ્રપતિ ઓબામા, ટ્રમ્પ અને બિડેનનું ચીનના મામલે ભારત સાથે સહયોગનું વલણ હતું. તો આવી સ્થિતિમાં ટ્રમ્પ સરકારની વાપસી બાદ પણ ચીનના મામલામાં ભારતને અમેરિકાનું સમર્થન જળવાઈ શકે છે.

જો ડોનાલ્ડ ટ્રમ્પ રાષ્ટ્રપતિ બનશે તો ભારતના બે પાડોશી પાકિસ્તાન અને બાંગ્લાદેશ પ્રત્યે અમેરિકાનું વલણ બદલાઈ શકે છે. ડોનાલ્ડ ટ્રમ્પ પાકિસ્તાનના પૂર્વ વડાપ્રધાન ઈમરાન ખાનની નજીક જોવા મળ્યા છે. બીજી તરફ ટ્રમ્પ બાંગ્લાદેશની યુનુસ સરકારને લોકશાહી તરફી તરીકે જુએ છે. તેથી આ મામલે ભારત પ્રભાવિત થઈ શકે છે.

તે જ સમયે, જો આપણે ઈઝરાયેલ-ઈરાન યુદ્ધની વાત કરીએ તો, ડોનાલ્ડ ટ્રમ્પ પહેલા દિવસથી જ ઈરાનને પોતાનો દુશ્મન માનશે અને ઈરાન સાથે યુદ્ધ વધવાની સંભાવના છે.



ડોનાલ્ડ ટ્રમ્પ અર્થતંત્ર અંગે અલગતાવાદી અને સંરક્ષણવાદી વલણ ધરાવે છે. કારણ કે અમેરિકા ભારતનું સૌથી મોટું વેપારી ભાગીદાર છે, આ ભારત માટે મોટી ચિંતાનો વિષય બની શકે છે. જોકે, શસ્ત્રો, ગુપ્તચર સહયોગ, ટેક્નોલોજી અને ડિફેન્સ હાર્ડવેરમાં અમેરિકાના સહયોગમાં બહુ ફેરફાર નહીં થાય.

સાથે જ વેપારની બાબતો પર પણ તેની અસર થવાની શક્યતા છે. ટ્રમ્પે કહ્યું હતું કે વિદેશી ઉત્પાદનો પર સૌથી વધુ ટેરિફ લાદવામાં આવે છે. આવી સ્થિતિમાં ભારતને અસર થઈ શકે છે. તેમના અગાઉના કાર્યકાળ દરમિયાન ટ્રમ્પે આર્થિક અને વેપાર નીતિઓમાં અમેરિકાને સર્વોપરી રાખ્યું હતું. ઘણા આંતરરાષ્ટ્રીય કરારોમાંથી અમેરિકાને બાકાત રાખવામાં આવ્યું હતું. આ વખતે પણ ટ્રમ્પ પ્રશાસન માત્ર અમેરિકા કેન્દ્રિત નીતિઓ પર ભાર મૂકશે. ટ્રમ્પે તાજેતરમાં જ ભારત પર આયાત જકાત વધારવાની વાત કરી હતી. આવી સ્થિતિમાં ભારતના આઈટી, ફાર્માસ્યુટિકલ અને ટેક્સટાઈલ સેક્ટરને ટ્રમ્પની નવી ઈમ્પોર્ટ ડ્યૂટીની અસર થઈ શકે છે.

આયાત અને ટેરિફ પર ચર્ચા કરતી વખતે ટ્રમ્પે કહ્યું હતું કે ભારત એક મોટો દુરુપયોગ કરનાર છે. આ લોકો સૌથી હોશિયાર હોય છે. તેઓ પછાત નથી. આયાતની બાબતમાં ભારત ટોચ પર છે, જેનો ઉપયોગ તે આપણી સામે કરે છે. જો કે, તેણે પીએમ મોદીને પોતાનો મિત્ર ગણાવી તેની પ્રશંસા કરી. હા, જો ટ્રમ્પ એવી વેપાર નીતિ પર કામ કરે છે જે ચીનથી પોતાને દૂર રાખે છે, તો તે ભારત માટે એક તક બની શકે છે. ભારત આ સ્થિતિનો લાભ લઈને ચીનની અમેરિકન કંપનીઓને ભારતમાં રોકાણ કરવા આકર્ષિત કરી શકે છે. છેલ્લી મુદતમાં, ટ્રમ્પે ઈમિગ્રેશન, ખાસ કરીને ઇં-૧ઇ વિઝા પ્રોગ્રામ પર કડક વલણ અપનાવ્યું છે. ટ્રમ્પ વહીવટીતંત્રે વિદેશી કામદારો માટે વેતન ઘટાડવા અને વધારાના નિયંત્રણો લાદવાનો પ્રયાસ કર્યો હતો, જેનાથી ભારતીય આઈટી પ્રોફેશનલ્સ અને ટેક્નોલોજી કંપનીઓ સામે પડકારો ઉભા થયા હતા.

જો આ નીતિ ફરીથી લાગુ કરવામાં આવશે, તો તે ભારતીય વ્યાવસાયિકોને અસર કરી શકે છે અને ભારતીય વ્યાવસાયિકો માટે અમેરિકામાં નોકરીની સંભાવનાઓ ઘટાડી શકે છે. ભારત અને અમેરિકા વચ્ચે સંરક્ષણ અને સૈન્ય સહયોગ વર્ષોથી મજબૂત બન્યો છે. ટ્રમ્પ વહીવટીતંત્રના નેતૃત્વમાં ભારત અને અમેરિકા વચ્ચે સંરક્ષણ સહયોગ વધુ સારી અને મજબૂત બનવાની ક્ષમતા ધરાવે છે.

ટ્રમ્પના પાછલા કાર્યકાળ દરમિયાન, ઈન્ડો-પેસિફિક (ભારત એટલે કે હિંદ મહાસાગર અને અમેરિકા એટલે કે પેસિફિક મહાસાગર) ક્ષેત્રમાં ચીનના પ્રભાવને ઘટાડવા માટે ક્વાડ ગ્રૂપ દ્વારા અમેરિકા, ભારત, જાપાન અને ઑસ્ટ્રેલિયા વચ્ચેની સુરક્ષા ભાગીદારીને મજબૂત બનાવવામાં આવી હતી. તે જ સમયે, ચીન અને પાકિસ્તાન જેવા પાડોશી દેશો સાથે તણાવ વચ્ચે વધારાની સંયુક્ત લશ્કરી કવાયત, શસ્ત્રોનું વેચાણ અને ટેક્નોલોજીનું ટ્રાન્સફર ભારતની સંરક્ષણ ક્ષમતાઓને મજબૂત બનાવી શકે છે.

### કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે કેબિનેટની બેઠકમાં લીધો નિર્ણય
### ૮ લાખ રૂપિયાથી ઓછી વાર્ષિક આવક ધરાવતા પરિવારના બાળકોને ૩% વ્યાજ સબસિડી હેઠળ ૧૦ લાખ રૂપિયા સુધીની લોન આપવામાં આવશે

# PM વિદ્યાલક્ષ્મી યોજનાને મંજૂરી

નવીદિલ્હી, તા. ૬

નરેન્દ્ર મોદી સરકારે પ્રધાનમંત્રી વિદ્યા લક્ષ્મી યોજનાને મંજૂરી આપી છે. કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે કેબિનેટની બેઠકમાં લેવાયેલા નિર્ણયોની માહિતી આપતા કહ્યું કે આ યોજના હેઠળ ૮ લાખ રૂપિયાથી ઓછી વાર્ષિક આવક ધરાવતા પરિવારના બાળકોને ૩% વ્યાજ સબસિડી હેઠળ ૧૦ લાખ રૂપિયા સુધીની લોન આપવામાં આવશે. આ સાથે તેમણે કહ્યું કે કેબિનેટની બેઠકમાં FCIને વધુ મજબૂત બનાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. અને રૂ. ૧૦,૦૦૦ કરોડની નવી ઈક્વિટી મૂડી આપવામાં આવશે. અશ્વિની વૈષ્ણવે કહ્યું, 'કેબિનેટે પીએમ વિદ્યાલક્ષ્મીને મંજૂરી આપી છે, જે કેન્દ્રીય ક્ષેત્રની નવી યોજના છે. તેનો ઉદ્દેશ હોશિયાર વિદ્યાર્થીઓને નાણાકીય સહાય પૂરી પાડવાનો છે, જેથી નાણાકીય અવરોધો કોઈને પણ ઉચ્ચ અભ્યાસ કરતા અટકાવે નહીં.

તેમણે કહ્યું, 'આ યોજના હેઠળ, ગુણવત્તાયુક્ત ઉચ્ચ શિક્ષણ સંસ્થાનમાં પ્રવેશ લેનાર કોઈપણ વિદ્યાર્થી કોઈપણ જાતની જામીનગીરી અથવા ગેરેંટર વિના બેંકો અને નાણાકીય સંસ્થાઓ પાસેથી લોન મેળવી શકશે, જેમાં ટ્યુશન ફીની સંપૂર્ણ રકમ અને સંબંધિત અન્ય ખર્ચાઓ આવરી લેવામાં આવશે. અભ્યાસક્રમ જઈ શકે છે. આ યોજનાની વિશેષતાઓ સમજાવતા વૈષ્ણવે જણાવ્યું હતું કે, 'દેશની ટોચની ૮૬૦ ગુણવત્તાયુક્ત ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓમાં પ્રવેશ મેળવતા હોંશિયાર વિદ્યાર્થીઓ માટે શિક્ષણ લોન (અભ્યાસ માટે લોન)નો વિસ્તાર કરવામાં આવ્યો છે. આ હેઠળ, દર વર્ષે ૨૨ લાખથી વધુ વિદ્યાર્થીઓને કવર લોન આપવામાં આવશે, તેમણે કહ્યું, 'ભારત સરકાર દ્વારા ૭.૫ લાખ રૂપિયા સુધીની લોન માટે ૭૫% ક્રેડિટ ગેરંટી આપવામાં આવશે, જેથી બેંકો કવરેજને વિસ્તૃત કરી શકે. મદદ મળી શકે છે.

આ યોજના રાષ્ટ્રીય સંસ્થાકીય રેન્કિંગ ફ્રેમવર્ક (NIRF) રેન્કિંગ દ્વારા નિર્ધારિત તમામ ઉચ્ચ ગુણવત્તાની ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓ (QHEI), જાહેર અને ખાનગી માટે લાગુ થશે, જે NIRFમાં ટોચના ૧૦૦ માં સ્થાન ધરાવે છે. આમાં NIRFમાં ૧૦૧-૨૦૦ ક્રમાંકિત રાજ્ય સરકારની ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓ અને કેન્દ્ર સરકાર દ્વારા સંચાલિત તમામ સંસ્થાઓનો પણ સમાવેશ થાય છે. ''સૂચિ દર વર્ષે નવીનતમ NIRF રેન્કિંગનો ઉપયોગ કરીને અપડેટ કરવામાં આવશે, અને જો તેઓ ઈચ્છે તો ૮૬૦ પાત્ર QHEI સાથે ૨૨ લાખથી વધુ વિદ્યાર્થીઓનો સમાવેશ કરશે,'' એક સત્તાવાર નિવેદનમાં જણાવાયું છે.

માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે અહીં એક પ્રેસ કોન્ફરન્સમાં કેબિનેટના નિર્ણયો વિશે માહિતી આપતાં જણાવ્યું હતું કે વર્ષ ૨૦૨૪-૨૫ થી ૨૦૩૦-૩૧ દરમિયાન આ યોજના માટે ૩,૬૦૦ કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા છે અને આ દરમિયાન ૭ લાખ નવા ફંડ બનાવવામાં આવ્યા છે. આ સમયગાળામાં વિદ્યાર્થીઓને તેનો લાભ મળવાની અપેક્ષા છે.

# યુપી સરકારને સુપ્રીમની ફટકાર

## સરકારે જે વ્યક્તિનું ઘર તોડી પાડ્યું છે તેને ૨૫ લાખ રૂપિયાનું વળતર આપવું જોઈએ

નવીદિલ્હી, તા. ૬

બુલડોઝરની કાર્યવાહી પર સુપ્રીમ કોર્ટે બુધવારે ઉત્તર પ્રદેશ સરકારને ફટકાર લગાવી હતી. વાસ્તવમાં, મામલો યુપીના મહારાજગંજ જિલ્લાનો છે, જ્યાં રોડ પહોળા કરવાના પ્રોજેક્ટ માટે બુલડોઝરનો ઉપયોગ કરીને ઘરોને તોડી પાડવામાં આવ્યા હતા. આ મામલામાં સ્વયંભૂ સંજ્ઞાન લેવામાં આવ્યું હતું, જેના પર સુપ્રીમ કોર્ટ સુનાવણી કરી રહી હતી. સુપ્રીમ કોર્ટે કહ્યું છે કે યુપી સરકારે જે વ્યક્તિનું ઘર તોડી પાડ્યું છે તેને ૨૫ લાખ રૂપિયાનું વળતર આપવું જોઈએ. CJI DY ચંદ્રચુડે કહ્યું કે તમે કહો છો કે તે ૩.૭ ચોરસ મીટરનું અતિક્રમણ હતું. અમે આ સાંભળી રહ્યા છીએ પરંતુ કોઈ પ્રમાણપત્ર આપી રહ્યા નથી, પરંતુ તમે આ રીતે લોકોના મકાનો તોડવાની શરૂઆત કેવી રીતે કરી શકો? આ અંધાધૂંધી છે, કોઈના ઘરમાં ઘૂસી જવું.

તેમણે કહ્યું કે આ સંપૂર્ણપણે મનસ્વી છે, યોગ્ય પ્રક્રિયા ક્યાં અનુસરવામાં આવી છે? અમારી પાસે એક એફિડેવિટ છે, જેમાં કહેવામાં આવ્યું છે કે કોઈ નોટિસ જારી કરવામાં આવી નથી, તમે માત્ર સ્થળ પર ગયા અને લોકોને જાણ કરી. અમે આ કેસમાં શિક્ષાત્મક વળતર આપવા તૈયાર હોઈ શકીએ છીએ. શું આ ન્યાયનો હેતુ પૂરો કરશે? અરજદારના વકીલે આ મામલે તપાસ કરવા વિનંતી કરી હતી. CJIએ રાજ્ય સરકારના વકીલને પૂછ્યું કે કેટલા મકાનો તોડી પાડવામાં આવ્યા? રાજ્યના વકીલે કહ્યું કે ૧૨૩ ગેરકાયદે બાંધકામો છે. જસ્ટિસ જેબી



પારડીવાલાએ કહ્યું, તમારા કહેવાનો આધાર શું છે કે તે અનધિકૃત હતું, તમે ૧૯૬૦થી શું કર્યું, તમે છેલ્લા ૫૦ વર્ષથી શું કરી રહ્યા હતા, ખૂબ જ અહંકારી, રાજ્યએ NHRCના આદેશનું થોડું સન્માન કરવું પડશે. તમે મૌન બેઠા છો અને અધિકારીની ક્રિયાઓનું રક્ષણ કરો છો. CJIએ કહ્યું કે મનોજ ટિબ્રેવાલ દ્વારા વોર્ડ નંબર ૧૬ મોહલ્લા હમીદનગરમાં સ્થિત તેમના પૈતૃક મકાન અને દુકાનને તોડી પાડવાની ફરિયાદ કરીને સંબોધવામાં આવેલા પત્ર અંગે સુઓ મોટુ સંજ્ઞાન લેવામાં આવ્યું હતું. રિટ પિટિશન પર નોટિસ આપવામાં આવી હતી.

જસ્ટિસ જેબી પારડીવાલાએ યુપી સરકારના વકીલને કહ્યું કે તમારા અધિકારીએ ગઈ રાત્રે રોડ પહોળો કરવા માટે પીળા ચિહ્નિત વિસ્તારને તોડી નાખ્યો, બીજા દિવસે સવારે તમે બુલડોઝર લઈને આવ્યા. તે ટેકઓવર જેવું છે, તમે બુલડોઝર લઈને ઘર તોડી પાડતા નથી, તમે ઘર ખાલી કરવા માટે પરિવારને સમય પણ આપતા નથી. પહોળું કરવું એ માત્ર એક બહાનું હતું, આ આખી કવાયતનું કારણ જણાતું નથી. સીજેઆઈએ આદેશમાં કહ્યું કે આ મામલે તપાસ કરવાની જરૂર છે. UP રાજ્યએ NHની મૂળ પહોળાઈ દર્શાવવા માટે કોઈ દસ્તાવેજ રજૂ કર્યા નથી. બીજું, અતિક્રમણને ઓળખવા માટે કોઈ તપાસ હાથ ધરવામાં આવી હોવાનું સાબિત કરવા માટે કોઈ ભૌતિક દસ્તાવેજ નથી. ત્રીજું, પ્રોજેક્ટ માટે જમીન સંપાદિત કરવામાં આવી હતી તે દર્શાવવા માટે કોઈ સામગ્રી જ નથી. રાજ્ય સરકાર અતિક્રમણની ચોક્કસ હદ જાહેર કરવામાં નિષ્ફળ રહી છે. નોટિફાઈડ હાઈવેની પહોળાઈ અને અરજદારની મિલકતની હદ, જે નોટિફાઈડ પહોળાઈની અંદર આવે છે. આવી સ્થિતિમાં કથિત અતિક્રમણ વિસ્તારની બહારના મકાનો તોડવાની જરૂર કેમ પડી? NHRC રિપોર્ટ જણાવે છે કે તૂટેલો ભાગ ૩.૭૫ મીટર કરતા ઘણો વધારે હતો.


# MUDA કેસમાં CM સિદ્ધારમૈયાની બે કલાક પૂછતાછ

## લોકાયુક્ત પોલીસ દ્વારા પૂછપરછ કર્યા પછી, સીએમ સિદ્ધારમૈયાએ કહ્યું કે ભાજપ અને જેડીએસે તેમના પર ખોટા આરોપો લગાવ્યા છે

નવીદિલ્હી, તા. ૬

લોકાયુક્ત પોલીસે બુધવારે MUDA સાઈટ ફાળવણી કેસમાં મુખ્યમંત્રી સિદ્ધારમૈયાની પૂછપરછ કરી હતી. સત્તાવાર સૂત્રોના જણાવ્યા અનુસાર, સિદ્ધારમૈયા સમન્સના જવાબમાં લોકાયુક્ત પોલીસ સમક્ષ હાજર થયા હતા અને લોકાયુક્ત પોલીસ અધિક્ષક (એસપી) ટીજે ઉદેશની આગેવાની હેઠળની ટીમના પ્રશ્નોના જવાબ આપ્યા હતા. લોકાયુક્તના અધિકારીએ જણાવ્યું કે લગભગ બે કલાક સુધી પૂછપરછ ચાલી. પૂછપરછ બાદ સીએમ સિદ્ધારમૈયાએ કહ્યું કે મારી પૂછપરછ કરવામાં આવી. મેં બધું સત્ય કહ્યું છે.

લોકાયુક્ત પોલીસ દ્વારા પૂછપરછ કર્યા પછી, સીએમ સિદ્ધારમૈયાએ કહ્યું કે ભાજપ અને જેડીએસે તેમના પર ખોટા આરોપો લગાવ્યા છે. મારી સામે ખોટો કેસ કરવામાં આવ્યો છે. મારી પૂછપરછ કરવામાં આવી હતી. મેં સત્ય કહ્યું છે. સિદ્ધારમૈયાએ કહ્યું કે જ્યાં સુધી કોર્ટ દ્વારા કોઈપણ ગેરરીતિનો નિર્ણય ન આવે ત્યાં સુધી મારી છબી પર કોઈ કાળો ડાઘ નથી. મારા પર માત્ર આરોપો છે. હું કોર્ટ અને પોલીસને આરોપોનો જવાબ આપીશ.




લોકાયુક્ત પોલીસ એફઆઈઆરમાં આરોપી નંબર વન તરીકે નામ આપવામાં આવેલા મુખ્ય પ્રધાન પર તેમની પત્ની પાર્વતી બીએમને MUDA દ્વારા ૧૪ સાઈટ્સની ફાળવણીમાં અનિયમિતતાનો આરોપ છે. ૨૫ ઓક્ટોબરે તેની પત્નીની પૂછપરછ કરવામાં આવી હતી, જેને આરોપી નંબર ટુ બનાવવામાં આવી છે. સિદ્ધારમૈયા, તેમની પત્ની, તેમના સાળા મલ્લિકાર્જુન સ્વામી, દેવરાજુ અને અન્યના નામ મૈસૂર સ્થિત લોકાયુક્ત પોલીસ દ્વારા ૨૭ સપ્ટેમ્બરે નોંધાયેલી એફઆઈઆરમાં છે. સ્વામીએ દેવરાજુ પાસેથી જમીન ખરીદી હતી અને પાર્વતીને ભેટમાં આપી હતી. સ્વામી અને દેવરાજુ લોકાયુક્ત પોલીસ સમક્ષ હાજર થઈ ચૂક્યા છે.

દરમિયાન, વિપક્ષી પાર્ટી ભારતીય જનતા પાર્ટી (BJP) એ સિદ્ધારમૈયાના રાજીનામાની માંગ સાથે વિરોધ પ્રદર્શન કર્યું હતું. ભાજપના ધારાસભ્ય ટીએસ શ્રીવત્સની આગેવાની હેઠળ વિરોધીઓએ સિદ્ધારમૈયાની ટીકા કરી હતી અને તેમને મુખ્ય પ્રધાન પદેથી રાજીનામું આપવા અને તપાસનો સામનો કરવા જણાવ્યું હતું.

કર્ણાટકના ઉપમુખ્યમંત્રી ડીકે શિવકુમારે કહ્યું કે મુખ્યમંત્રીએ કાયદાનું સન્માન કર્યું છે. ચૂંટણીના કારણે તેઓ સમય લઈ શક્યા હોત, પરંતુ તેમ છતાં તેમણે કાયદાનું સન્માન કર્યું છે. આ રીતે તે કામ કરે છે. કર્ણાટક પેટાચૂંટણીમાં કોંગ્રેસ ત્રણેય બેઠકો જીતવા જઈ રહી છે. સીએમ સિદ્ધારમૈયાની લોકાયુક્ત તપાસ પર કેન્દ્રીય મંત્રી એચડી કુમારસ્વામીએ કહ્યું કે તેમણે શું તપાસ કરી છે? એસપી કક્ષાના અધિકારી મુખ્યમંત્રીની પૂછપરછ કરી રહ્યા છે? આ એક ડ્રામા છે. જ્યાએ જે જોઈએ તે લખ્યું. ચાલો જોઈએ કોર્ટમાંથી શું આદેશ આવે છે.

### સિદ્ધારમૈયા અને અન્યને હાઈકોર્ટની નોટિસ

દરમિયાન, કર્ણાટક હાઈકોર્ટે મંગળવારે સિદ્ધારમૈયા અને અન્યોને RTI (માહિતીનો અધિકાર) કાર્યકર સ્નેહમોયી કૃષ્ણ દ્વારા દાખલ કરવામાં આવેલી રિટ અરજી પર નોટિસ જારી કરી, જેમાં કેસની તપાસ સેન્ટ્રલ બ્યુરો ઑફ ઈન્વેસ્ટિગેશન (સીબીઆઈ) ને સોંપવાનો નિર્દેશ માંગવામાં આવ્યો. ગયો હતો. કોર્ટ આ કેસની વધુ સુનાવણી ૨૬ નવેમ્બરે કરશે.

# રાજકોટ નાગરિક સહકારી બેંક લિ. ચુંટણીમાં સહકાર પેનલ રચાઈ : ૨૧ ઉમેદવારોએ ફોર્મ ભર્યા


રાજકોટ,તા.૬

રાજકોટ નાગરિક સહકારી બેંક લિ.ની તા.૧૭-૧૧-૨૦૨૪ના રોજ ડિરેકટરની ચૂંટણીમાં સહકાર પેનલના ૨૧ ઉમેદવારો જાહેર કરવામાં આવ્યા. આ પ્રસંગે રાજકોટ શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશી, રાજ્યસભાના સાંસદશ્રી રામભાઈ મોકરિયા, ધારાસભ્ય દર્શીતાબેન શાહ અને શ્રી ઉદયભાઈ કાનાગડ, પૂર્વ ધારાસભ્ય ટપુભાઈ લીંબાસિયા-શ્રી ગોવિંદભાઇ પટેલ-શ્રી પ્રવિણભાઇ માકડીયા, રાજકોટ નાગરિક સહકારી બેંક લિ.ના કાર્યકારી ચેરમેન જિમ્મીભાઈ દક્ષિણી, વિજય કોમર્શીયલ કો-ઓપરેટીવ બેંક લિ.ના ચેરમેનનિકુંજભાઈ ધોળકીયા, રાજકોટ નાગરિક સહકારી બેંકના પૂર્વ ચેરમેન અને સહકારી અગ્રણી જ્યોતીન્દ્રભાઈ મહેતા - નલિનભાઈ વસા, ભારતીય મઝદૂર સંઘના શ્રી હસુભાઈ દવે, શ્રી નરેન્દ્રભાઇ દવેએ તમામ ઉમેદવારઓને વિજયી ભવઃના આશીર્વાદ આપ્યા હતા. જે ૨૧ ઉમેદવારોએ ફોર્મ ભર્યા છે તેની યાદી :

૧) માધવભાઈ દવે ૨) ચંદ્રેશભાઇ ધોળકિયા ૩) દિનેશભાઈ પાઠક ૪) અશોકભાઈ ગાંધી ૫) ભૌમિકભાઈ શાહ ૬) કલ્પેશભાઈ ગઝ્ઝર પંચાસરા ૭) ચિરાગભાઈ રાજકોટિયા ૮) વિક્રમસિંહ પરમાર ૯) હસમુખભાઈ ચંદારાણા ૧૦) દેવાંગભાઈ માંકડ ૧૧) ડો. એન. જે. મેઘાણી ૧૨) જીવણભાઈ પટેલ ૧૩) જ્યોતિબેન ભટ્ટ ૧૪) કિર્તીદાબેન જાદવ ૧૫) નવીનભાઈ પટેલ ૧૬) સુરેન્દ્રભાઈ પટેલ ૧૭) દીપકભાઈ બકરાણીયા ૧૮) મંગેશજી જોશી ૧૯) હસમુખભાઈ હિંડોચા ૨૦) બ્રિજેશભાઈ મલકાણ ૨૧) લલીતભાઈ વોરા.

ઉપરોક્ત તમામ ઉમેદવારોને ગુજરાત રાજ્યના બાળ સુરક્ષા મંત્રી ભાનુબેન બાબરીયા અને રાજકોટના સાંસદ પુરુષોત્તમભાઈ રૂપાલાજી, ધારાસભ્ય રમેશભાઈ ટીલાળા, રાજકોટના મેયર નયનાબેન પેઢડિયા, પૂર્વ કેન્દ્રીય મંત્રી ડો. વલ્લભભાઈ કથીરિયાએ ટેલિફોનિક વિજયી ભવઃના આશીર્વાદ આપ્યા હતા.

તમામ ઉમેદવારોના ફોર્મ ભરવાથી માંડી ચકાસણી સુધીની જવાબદારી શ્રી કિરીટભાઈ પાઠક; મયુરભાઈ ભટ્ટે જવાબદારી સંભાળી હતી. કાર્યક્રમનું સંચાલન હંસરાજભાઈ ગજેરાએ કર્યુ હતું. આશીર્વચન અને આભારવિધિશ્રી નલિનભાઈ વસાએ કરેલ હતી. આ સાથે તમામ ૨૧ ઉમેદવારોનો પરિચય આપેલ છે.



## દિનેશભાઈ મનહરલાલ પાઠક

દિનેશભાઇ પાઠક કોમર્સ ગ્રેજ્યુએટ છે. તેઓએ રાષ્ટ્રીય સ્વયં સેવકસંઘમાં રાજકોટ જિલ્લા કાર્યવાહક, કચ્છ વિભાગ કાર્યવાહક, પ્રાંત શારીરિક પ્રમુખ, રાજકોટ મહાનગર કાર્યવાહક વગેરેની જવાબદારી નિભાવેલ છે. તેઓ ભૂતપૂર્વ નેશનલ ઇન્સ્યોરન્સના બ્રાન્ચ મેનેજર તરીકેની જવાબદારી નિભાવેલ છે. તેઓ રાજકોટ નાગરિક સહકારી બેંક લિ.માં હાલ ડિરેક્ટર તરીકે ફરજ બજાવે છે.



## ડો. માધવભાઈ કિશોરભાઈ દવે

ડો માધવભાઈ દવેએ LLM, માસ્ટર ઈન જર્નાલિઝમ તથા PHD સુધીનો અભ્યાસ કરેલ છે. તેઓ વ્યવસાયે વકીલ છે. તેઓ ભારતીય જાણતા પાર્ટીમાં છેલ્લા 30 વર્ષથી સક્રિય છે. હાલમાં તેઓ ભારતીય જનતા પાર્ટી માં રાજકોટ મહાનગરમાં મહામંત્રીની જવાબદારી સંભાળે છે. અન્ય સેવાકીય પ્રવૃત્તિ જેવી કે સેતુબંધ ફાઉન્ડેશનના મેનેજીંગ ટ્રસ્ટી તરીકે જવાબદારી નિભાવે છે. તેઓ રાજકોટ નાગરિક સહકારી બેંક લિ.માં હાલ ડિરેક્ટર તરીકે ફરજ બજાવે છે.



## કીર્તિદાબેન અક્ષયભાઈ જાદવ

તેણી છેલ્લા ૨૦ વર્ષથી વકીલાતનો વ્યસાય કરે છે. તેણી સેવા ભારતીના કો-ઓર્ડીનેટર તરીકે ફરજ બજાવે છે. તેણી રાજકોટ નાગરિક સહકારી બેંક લિ.માં હાલ ડિરેક્ટર તરીકે ફરજ બજાવે છે.



## ચંદ્રેશ પ્રવિણચંદ્ર ધોળકિયા

ચંદ્રેશ ધોળકિયાએ B.COM તથા CAનો અભ્યાસ કરેલ છે. તેઓ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ચાર્ટડ અકાઉન્ટન્ટસ, રાજકોટના ૨૦૧૬-૧૭માં ચેરમેન તરીકે તથા ૨૦૧૩થી ૨૦૧૫માં ટ્રેઝરર તથા સેક્રેટરીની જવાબદારી નિભાવેલ ચૂકેલ છે. તેઓ વિવિધ સરકારી અને કો-ઓપરેટીવ બેંકોના ઓડિટર તરીકેની જવાબદારી નિભાવેલ છે. તેઓ રાજકોટ નાગરિક સહકારી બેંક લિ.માં હાલ ડિરેક્ટર તરીકે ફરજ બજાવે છે.



## અશોકભાઈ મનહરલાલ ગાંધી

અશોકભાઈ ગાંધી નિવૃત સિવિલ એન્જીનીઅર છે. તેઓએ રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘમાં રાજકોટ મહાનગર કાર્યવાહક, રાજકોટ વિભાગ શારીરિક પ્રમુખની જવાબદારી નિભાવેલ છે. તેઓ રાજકોટ નાગરિક સહકારી બેંક લિ.માં હાલ ડિરેક્ટર તરીકે ફરજ બજાવે છે.



## મંગેશજી શ્રીરામભાઈ જોશી

તેઓ રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘના તૃતીય વર્ગ શિક્ષિત પૂર્વ પ્રચારક છે. સંપૂર્ણ પરિવાર સંઘ સમર્પિત છે. ત્રણેય ભાઈઓ પ્રચારક તરીકે નીકળ્યા છે. પારિવારિક સ્થિતિના કારણે મંગેશજી પરત આવેલ છે. પ્રાકૃતિક ખેતી અને ગૌ સંવર્ધનના વિષય પર કામ કરે છે. તેઓ રાજકોટ નાગરિક સહકારી બેંક લિ.માં હાલ ડિરેક્ટર તરીકે ફરજ બજાવે છે.



## દીપકભાઈ વેલજીભાઈ બકરાણીયા

તેઓએ B.COM તથા CAનો અભ્યાસ કરેલ છે. તેઓ ગુર્જર સુથાર જ્ઞાતિ મોરબીના ટ્રસ્ટી છે. તેઓ ભારતીય જનતા પાર્ટીના CA cellના કો-ઓર્ડીનેટર હતા. તેઓ રાજકોટ નાગરિક બેંક મોરબી શાખામાં શાખા વિકાસ સમિતિના સહ-કન્વીનર હતા. રાજકોટ નાગરિક સહકારી બેંક લિ.માં હાલ ડિરેક્ટર તરીકે ફરજ બજાવે છે.



## હસમુખભાઈ ઈશ્વરલાલ હિંડોચા

તેઓ B.COM તથા LLBનો અભ્યાસ કરેલ છે. વ્યવસાયે જામનગરમાં વકીલ છે. ૨૦૦૯થી ૨૦૨૩ સુધી નવાનગર કો-ઓપરેટીવ બેંકમાં ડિરેક્ટર તરીકે ફરજ બજાવી છે. ૨૦૦૬થી ૨૦૧૨ સુધી જામનગર મહાનગરમાં નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના ચેરમેન તરીકે ફરજ બજાવી છે. ૧૯૯૮થી લક્ષ્મણરાવ ઇનામદાર સ્મૃતિ સમિતિના ટ્રસ્ટી છે. ૨૦૧૯થી કસ્તુરબા વિકાસ ગૃહમાં ટ્રસ્ટી છે. ૨૦૧૫થી સંસ્કાર તીર્થ એજ્યુકેશનલ એન્ડ ચેરીટેબલે ટ્રસ્ટના ટ્રસ્ટી છે. છેલ્લા ૩ વર્ષથી ગોઆ શિપ યાર્ડ લિ. (ભારત સરકારનો ઉપક્રમ)માં ઈન્ડિપેન્ડન્ટ ડિરેક્ટર તરીકેની ફરજ બજાવે છે.



## સુરેન્દ્રભાઈ મોતીલાલ પટેલ

તેઓ રાજ્યસભાના સાંસદ રહી ચૂકેલ છે. તેઓ AUDAના ભૂતપૂર્વ ચેરમેન રહી ચૂકેલ છે. તેઓ ભારતીય જનતા પાર્ટીમાં કોષાધ્યક્ષની ફરજ નિભાવેલ છે. તેઓ પાવાગઢ મંદિરના પ્રમુખ ટ્રસ્ટી રહી ચૂકેલ છે. તેઓ વનવાસી કલ્યાણ પરિષદના પૂર્વ મહામંત્રી રહી ચૂકેલ છે. તેઓ રાષ્ટ્રી સ્વયં સેવક સંઘમાં ૬ દાયકાથી સ્વયં સેવક છે.



## જીવણભાઈ જાદવભાઈ જાગાણી

તેઓએ સિટીઝન કો-ઓપરેટીવ બેંકમાં ડિરેક્ટર તરીકે ફરજ બજાવેલ છે. તેઓ FORGE એન્ડ FORG ના ડિરેક્ટર તરીકે કાર્યરત છે. તેઓ ગેલેક્સી ગ્રુપના માલિક છે. તેઓ રાજકોટ નાગરિક સહકારી બેંક લિ.માં વાઇસ ચેરમેન તરીકે ફરજ બજાવેલ છે.



## લલિતકુમાર ધીરજલાલ વોરા

તેઓ ધોરાજી ચેમ્બર ઓફ કોમર્સના પ્રેસિડન્ટ તથા રાજકોટ ડિસ્ટ્રિકટ કો-ઓપરેટીવ બેંકના ડિરેક્ટર તથા ભારતીય જનતા પાર્ટી ધોરાજી શહેર મંત્રી તરીકે ફરજ બજાવે છે. ધોરાજી નગરપાલિકાના કારોબારી ચેરમેન તથા ઉપપ્રમુખ તરીકેની જવાબદારી નિભાવેલ છે. તેઓ જૈન જાગૃતિ સેન્ટર-સેન્ટ્રલ બોર્ડ મુંબઈના કો-ઓર્ડીનેટર રહી ચૂકેલ છે.



## દેવાંગ પ્રધુમનભાઈ માંકડ

તેઓ કોમર્સ ગ્રેજ્યુએટ છે. વ્યવસાયે ૧૯૯૩થી કમ્પ્યુટર ટ્રેનિંગ સેન્ટર ચલાવે છે, તેઓ પંચનાથ હોસ્પિટલ તથા પંચનાથ ઈંગ્લીશ મીડીયમ સ્કૂલના ચેરમેન છે. તેઓ પંચનાથ જીવદયા હોસ્પિટલના પ્રમુખ તરીકેની ફરજ બજાવે છે. તેઓએ ૨૦૦૫થી ૨૦૧૦ સુધી નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના ચેરમેન રહી ચુક્યા છે. ૨૦૧૬થી ૨૦૨૦ સુધી રાજકોટ શહેર ભાજપ મહામંત્રી તથા ૨ ટર્મ કોર્પોરેટર રહી ચુક્યા છે.



## ડો. નરસિંહભાઈ જશમતભાઈ મેઘાણી

તેઓ હોમીઓપેથીમાં MD તથા PHD કરેલ છે. હાલ હોમીઓપેથી કન્સલ્ટન્ટ તરીકે ફરજ બજાવે છે. તેઓ દિવ્ય જીવન સંઘના પ્રેસિડન્ટ તરીકે ફરજ બજાવી ચુકેલ છે. ભારત વિકાસ પરિસદના વાઇસ પ્રેસિડેન્ટ રહી ચૂકેલ છે. તેઓ હોમીઓપેથી વૈદ તરીકે બજરંગ મિત્ર મંડળ, જીવન વિકાસ પરિષદમાં ઓનરરી સેવા આપે છે. વર્ધમાન નગર માનનીય સંઘ ચાલાક છે.



## નવીનભાઈ બાબરભાઈ પટેલ

તેઓ અભ્યાસે M.COM તથા P. D. માલવિયા કોલેજમાં પ્રોફેસર તરીકે ફરજ બજાવેલ છે. તેઓ સૌરાષ્ટ્ર યુનિવર્સીટીમાં સરકાર નિયુક્ત પૂર્વ સેનેટ સભ્ય, સૌરાષ્ટ્ર યુનિવર્સીટી વિસ્તાર અધ્યાપક મંડળના પૂર્વ ઉપપ્રમુખ, ગુજરાત રાજ્ય અનુસૂચિત જનજાતિ અધ્યાપક મંડળના પૂર્વ ઉપપ્રમુખ રહી ચુક્યા છે.



## બ્રિજેશ કિરીટભાઈ મલકાણ

તેઓ અભ્યાસે B.com તથા CA છે. વ્યવસાયે CAની પ્રેકટીસ કરે છે. રાજકોટ નાગરિક સહકારી બેંક લિ.ની એસ.વી.પી. રોડ-કેવડાવાડી શાખામાં ૨૦૧૪થી શાખા વિકાસ સમિતિમાં ફરજ બજાવે છે.



## ભૌમિક રાજેશભાઈ શાહ

તેઓ અભ્યાસે M.COM, LLB, DISA, CA, forensic auditor, certificate course on AI કરેલ છે. વ્યવસાયે ઈઅ ની પ્રેકટીસ કરે છે.



## કલ્પેશ મનહરલાલ પંચાસરા (ગજ્જર)

તેઓ વ્યવસાયે મશીનરી પાટ્ર્સના ઉત્પાદક છે. બાલ્યકાળથી રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘમાં સ્વયંસેવક છે.



## વિક્રમસિંહ જયરાજસિંહ પરમાર

તેઓ આદિ યોગી નોન સ્ટિકનો વ્યવસાય કરે છે. તેઓ રાજકોટ અપના બજારના પૂર્વ ચેરમેન તથા હાલ ડિરેક્ટર છે. હિન્દુ જાગરણ સૌરાષ્ટ્ર પ્રાંત કાર્યકારણી સદસ્ય છે.



## ચિરાગ જેન્તીભાઇ રાજકોટીયા

તેઓ અભ્યાસે MCA છે. તેઓ વ્યવસાયે ડિજિટલ માર્કેટિંગ તથા ERP softwareની કંપની ચલાવે છે.



## હસમુખભાઈ ભગવાનજીભાઈ ચંદારાણા

તેઓ ટ્રાન્સપોર્ટનો વ્યવસાય કરે છે. વિશ્વ હિન્દુ પરિષદ-રાજકોટ મહાનગર કાર્યકારી અદયક્ષ રહી ચૂકેલ છે.રામ ધામ મંદિર-માલિયાસણમાં ટ્રસ્ટી તરીકે ફરજ બજાવે છે.



## જ્યોતિબેન ગિરીશભાઈ ભટ્ટ

તેણીએ B.SCમાં કરેલું છે. શ્રી સેવિકા સહકારી મંડળીના પ્રમુખ રહી ચૂકેલ છે. વિશ્વ હિન્દુ પરિષદ મહિલા વિભાગના પૂર્વ કાર્યવાહિકા રહી ચૂકેલ છે.




# તહેવારમાં ૧૦૮ની કામગીરી વધી : રાજકોટમાં ત્રણ દિવસમાં નોંધાયા ૮૦૮ કેસ

## રાજ્યમાં ૧૫ હજારથી વધુ ઈમર્જન્સી કેસ : કામગીરીમાં અધધ ૧૨% નો વધારો

રાજકોટ, તા. ૬

દીપાવલી, નવા વર્ષના તહેવારમાં સામાન્ય દિવસ કરતા હંમેશા ઈમર્જન્સી કેસમાં વધારો થતો હોય છે. જેને ધ્યાને લઈ ૧૦૮ દ્વારા અગાઉથી જ આવી સંભવિત પરિસ્થિતિ માટેનું સંપૂર્ણ સુસજ્જ આયોજન કરાતું હોય છે.

સમગ્ર ગુજરાતમાં આ ત્રણ દિવસના તહેવારમાં દાઝવાના, વાહન અકસ્માત, મારામારી સહિતના બનાવોનું પ્રમાણ વધતા આ વર્ષે સામાન્ય દિવસ કરતા ૧૨ % જેટલો વધારો જોવા મળ્યો હોવાનું પ્રોજેકટ મેનેજર શ્રી ચેતન ગાધે જણાવે છે.

ગુજરાત રાજ્યમાં ત્રણ દિવસ દરમ્યાન સરેરાશ ૫૦૬૦ કેસ સહીત કુલ ૧૫,૧૭૯ કેસ ૧૦૮ દ્વારા હેન્ડલ કરવામાં આવ્યા હતાં. જયારે રાજકોટ જિલ્લાની વાત કરીએ તો દિવાળી અને નવા વર્ષ ના કુલ ત્રણ દિવસ દરમ્યાન સરેરાશ ૨૬૯ કેસ સાથે કુલ ૮૦૮ ઈમરજન્સી કેસમાં ૭.૩૦ % ના વધારાના કેસમાં ૧૦૮ સતત દોડતી રહી હોવાનું શ્રી ચેતન જણાવે છે.

આ દિવસો દરમ્યાન ખાસ કરીને ઝગડાઓને કારણે મારામારીમાં લોકો ઘાયલ થતા હોવાથી તેઓને સારવાર માટે હોસ્પિટલાઇઝ કરવાના કેસ સૌથી વધુ જોવા મળે છે. જેમાં ૧૨૮ % નો વધારો આ વર્ષે જોવા મળ્યો છે. જયારે વાહન અકસ્માતમાં લગભગ બમણા કેસ જોવા મળે છે. જયારે આગથી દાઝી જવાના કેસમાં રાજકોટમાં ત્રીજા ક્રમે ૮ કેસ નોંધાયા છે. રાજકોટમાં આ




ત્રણ દિવસો દરમ્યાન મારામારીના કારણે ૫૧ લોકોને સારવાર માટે ૧૮૦ નો સહારો પૂરો પાડવામાં આવ્યો હતો, જે લગભગ ત્રણ ગણો વધારે જોવા મળ્યો છે. જયારે વાહન અકસ્માતમાં એવરેજ ૨૫ ની સામે સરેરાશ ૪૭ જેટલા અકસ્માત સાથે બમણો વધારો થયો હતો.

રાજ્ય સરકારની આરોગ્ય સેવા એવી ૧૦૮ ઈમર્જન્સી સેવા સતત લોકોના આરોગ્ય માટે દોડતી રહે છે, ત્યારે દિવાળીના તહેવારોમાં વિશિષ્ઠ કામગીરી સાથે લોકોના જીવ બચાવવા ૧૦૮ કર્મીઓ આ ત્રણ દિવસ દરમ્યાન સતત દોડતા રહી અનેક મહામૂલી ઝીંદગી બચાવી માનવતાની ઉત્કૃષ્ઠ મિશાલ પુરી પાડી છે.

### ગઠીયાઓએ રજા ન રાખી: રોકાણના નામે ઓનલાઇન લિંક મોકલી વધુ એકને ફસાવ્યા

# ૮૭ લાખના રોકાણ સામે નફો બતાવ્યો પાંચ કરોડનો, મળ્યો 'ઠેંગો'

## ઓનલાઇન લિંક ઓપન કર્યા બાદ નિવૃત બેંક મેનેજરે લાખોનું રોકાણ કર્યું, તેની સામે કરોડોનો નફો એકાઉન્ટમાં દેખાયો: પરંતુ રકમ ઉપડી ન શકી

**(દર્શનસિંહ જાડેજા દ્વારા)**
**રાજકોટ મિરર તા. ૫**

રાજકોટ: ઓનલાઇન ફ્રોડની દુનિયામાં રજાના દિવસોમાં પણ રજા રહી નહોતી. રોજબરોજ નોંધાતી આ પ્રકારની ઠગાઇની ઘટના યથાવત જ રહી હતી. વધુ એક વખત રોકાણમાં નફાના નામે લાખોની ઠગાઇ થઇ ચુકી છે. જેમાં નિવૃત બેંક ઓફિસરને છેતરીને ગઠીયાઓએ મરણમુડી સમાન સત્યાસી લાખ પઠાવી લીધા છે. સોશિયલ મિડીયા મારફત મળેલી એક લિંક ઓપન કરતાં તેમને ઇન્વેસ્ટમેન્ટમાં નફાની લાલચ આપતા મેસેજ મળ્યા હતાં. એ પછી એક ગ્રુપમાં એડ કરી દઇ શેરની ખરીદી કરાવવામાં આવી હતી અને શરૂઆતમાં અધધધ પોણા પાંચ કરોડનો નફો તેમના એકાઉન્ટમાં દેખાડાયો હતો. પરંતુ રૂપિયા ઉપાડવાનો પ્રયાસ કરતાં તેની ફી પેટે ચોવીસ લાખ ભરવા પડશે તેમ કહી કટકે કટકે સત્યાસી લાખ પડાવી લેવાયા હતાં. ઠગાઇના બીજા બનાવમાં ઓનલાઇન ચપ્પલ મંગાવવા જતાં સ્કૂલના કાઉન્સીલરે બે લાખ ગુમાવી દીધા હતાં!

ઠગાઇની ઘટનાઓ રાજકોટ સહિત રાજ્યભરમાં બનતી રહે છે. વધુ એક વખત વડોદરાના હરણી વિસ્તારમાં રહેતા નિવૃત્ત બેન્ક ઓફિસરને ઇન્વેસ્ટમેન્ટના નામે ઠગોએ ફસાવી રૂપિયા ૮૭ લાખ પડાવી લીધા હોવાનો બનાવ બનતાં સાયબર સેલે ગુનો નોંધ્યો છે. નિવૃત્ત બેન્ક ઓફિસર શ્યામ ગોપાલ ભાઇએ પોલીસને કહ્યું છે કે તેમને સોશિયલ મીડિયાના એકાઉન્ટમાં એક લિન્ક પર ક્લિક કરતાં મને ડી-૨૨૬ ગોલ્ડમેન ટ્રેડિંગ હબ ગ્રુપમાં જોઇન કરવામાં આવ્યો હતો. ત્યારબાદ લાડિયા નામની લેડીનો ઇન્વેસ્ટમેન્ટની એડવાઇઝ માટે મેસેજ આવ્યો હતો. જેથી મેં ઇચ્છા દર્શાવતાં મને બીજા ગ્રુપમાં જોઇન કરવામાં આવ્યો હતો.

નિવૃત ઓફિસરે આગળ કહ્યું હતું કે બાદમાં તેમણે બતાવેલી ટિપ્સ મુજબ શેર ખરીદતાં ફાયદો થયો હતો.જેથી મને વીઆઇપી-૨૨ ગ્રુપમાં જોઇન કરવામાં આવ્યો હતો. મને ઇન્વેસ્ટમેન્ટના જુદાજુદા પ્લાન




**બીજા કિસ્સામાં ઓનલાઇન ચપ્પલ મંગાવવા જતાં બે લાખ ગુમાવી દીધા**

સમજાવવામાં આવ્યા હતા.જેથી મેં તેમના કહ્યા મુજબ ડીમેટ વગર એકાઉન્ટ ખોલાવ્યું હતું.તા.૨૪મી જૂનથી ૧૨ જુલાઇ દરમિયાન ૨૯ ટ્રાન્ઝેક્શન કરીને કુલ રૂપિયા ૮૭લાખ ઇન્વેસ્ટ કર્યા હતા.જેની સામે મારું બેલેન્સ રૂપિયા ૪.૮૬ કરોડ દેખાડવામાં આવતું હતું. આથી મને ખુબ મોટો નફો થયો હોવાનું માની હું ખુશ ખુશ થઇ ગયો હતો.

ત્યારબાદ મેં આ રૂપિયા રૂપિયા ઉપાડવા માટે કહેતાં મને રૂપિયા ૨૪.૩૪ લાખ ભરવા પડશે તેમ કહેવામાં આવ્યું હતું.મેં મારો પ્રોફિટ કાઢીને ફક્ત મૂડી પરત કરવા માટે કહ્યું તો પણ તેમણે સેબીનો નિયમ છે તેમ કહી રૂપિયા ભરવાનો આગ્રહ રાખ્યો હતો. મેં રૂપિયા નહિ ભરતાં મને ગ્રુપમાંથી રીમૂવ કરવામાં આવ્યો હતો.ત્યારબાદ કોર મેમ્બર બનીને ફરીથી ગ્રુપમાં જોઇન થવા માટે રૂપિયા ભરવા કહેવાયું હતું.ઠગાઇના બીજા અકોટા વિસ્તારમાં રહેતી સ્કૂલ કાઉન્સેલર મહિલાએ ઓનલાઇન ચંપલ મંગાવતા રૂપિયા ૧.૯૮ લાખ ગૂમાવવા પડયા હોવાનો બનાવ બન્યો છે. ઓનલાઇન ઠગાઇ કરતી ગેંગ દ્વારા અનેક પ્રકારની તરકિબો અજમાવવામાં આવી રહી છે.

જેમાં બોગસ કસ્ટમર સાઇટનો પણ સમાવેશ થાય છે. અકોટામાં ગાર્ડન પાસે રહેતી મહિલાએ તેની માતા માટે ઓનલાઇન ચંપલ મંગાવ્યા હતા. જેથી તેને એક્સપ્રેસબીઝ મારફતે ડિલિવરી મળી જશે તેમ કહેવામાં આવ્યું હતું.પાર્સલ વહેલું મળે તે માટે મેં ફોન કરતાં મને કુરિયર કંપનીમાં વાત કરવી પડશે તેમ કહ્યું હતું. જેથી ઓનલાઇન સર્ચ કરી કસ્ટમર કેર નંબર લઇ સંપર્ક કરતાં મને સાંજે કુરિયર મળી જશે તેમ કહી રૂપિયા બે ટ્રાન્સફર કરવા કહ્યું હતું.

મને એક લિન્ક મોકલી હતી.જે લિન્ક ક્લિક કરતાં એપ ડાઉનલોડ થઇ હતી.આ એપમાં મારી ડીટેલ માંગવામાં આવી હતી અને પેમેન્ટનો ઓપ્શન હતો.મેં ગૂગલ પે પસંદ કરી રૂપિયા બે ટ્રાન્સફર કર્યા હતા. પરંતુ ત્યારબાદ મને પાર્સલ મળ્યું નહતું.થોડા સમય બાદ મારા એકાઉન્ટમાંથી જુદાજુદા ટ્રાન્ઝેક્શન દ્વારા કુલ રૂપિયા ૧.૯૮ લાખ ઉપડી ગયા હતા.

# ગોંડલ માર્કેટ યાર્ડ ફરી ધમધમ્યું

## ઓફિસમાં પૂજા કરી યાર્ડનું કામકાજ શરૂ કરાયું : મગફળીની ૧.૧૦ લાખ ગુણી ઠલવાઇ









(ફોટો : કુલદીપસિંહ જાડેજા )

રાજકોટ મિરર, ગોંડલ તા.૬

સૌરાષ્ટ્રનુ અગ્રીમ ગણાતું ગોંડલ માર્કેટિંગ યાર્ડમા જણસીઓની આવક શરૂ કરાઈ સૌરાષ્ટ્રનુ અગ્રીમ ગણાતું ગોંડલ માર્કેટિંગ યાર્ડમાં માર્કેટિંગ યાર્ડના ચેરમેન અલ્પેશભાઇ ઢોલરિયા સહિત વેપારીઓ, દલાલ મંડલ અને કમેચારીઓ દ્વારા પૂજન કરીને જણસીઓ ની શુભ શરૂઆત કરવામાં આવી હતી. જેમાં મગફળી, કપાસ, સોયાબીન, ડુંગળી સહિતની જણસીઓની મબલક આવક થઈ હતી. યાર્ડના ચેરમેન અલ્પેશભાઇ ઢોલરીયાએ જણાવ્યુ હતું દિવાળીની રજાઓ બાદ આજે યાર્ડનુ કામકાજ શરૂ થતાં જ મગફળીની ૧.૧૦ લાખ ગુણીની આવક થઈ હતી. જેમના ૨૦ કિલોના ૯૦૦થી ૧૨૫૦ સુધીના ભાવ બોલાયા હતા.

જ્યારે સોયાબીનની ૫૦ હજાર કટ્ટાની આવક થઈ હતી. જેમનાં ૨૦ કિલોના ૭૫૦થી ૯૦૦ સુધીના ભાવ બોલાયા હતા. આ ઉપરાંત કપાસની ૧૫ હજાર ભારીની આવક નોંધાઈ હતી અને હરાજીમાં કપાસના ૨૦ કિલોના ભાવ ૧૪૫૦થી ૧૫૫૦ સુધીના ભાવ બોલાયા હતા. જ્યારે ડુંગળીની ૩૦ હજાર કટ્ટાની આવક નોંધાઈ હતી અને હરાજીમાં ડુંગળીના ૨૦ કિલોનો ભાવ ૪૦૦થી ૯૮૧સુધીના ભાવ બોલાયા હતા. આમ આજરોજ લાભ પાંચમીથી યાર્ડ ધમધમી ઉઠ્યું હતું.

# સદભાવના વૃદ્ધાશ્રમને ૫૧ હજારનું અનુદાન આપતા આરોગ્યમંત્રી

## વડીલોની સેવા માટે ઋષિકેશ પટેલે આપ્યું અનુદાન

રાજકોટ મિરર, તા.૬

'માનવ સેવા એ જ પ્રભુસેવા' એ મંત્રને સાર્થક કરી ગુજરાત સરકારનાં સેવાભાવી આરોગ્ય મંત્રી ઋષિકેશભાઈ પટેલ દ્વારા સદભાવના વૃદ્ધાશ્રમનાં વડીલોની સેવા માટે ૫૧,૦૦૦નું અનુદાન કરવામાં આવ્યું છે. અત્રે ઉલેખ્ખનીય છે કે માનવ સેવા ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા છેલ્લા દસ વર્ષથી સદભાવના



વૃધ્ધાશ્રમ ચલાવવામાં આવે છે. આ વૃધ્ધાશ્રમમાં નાત-જાત કે ધર્મના ભેદભાવ વિના નિઃસંતાન વૃધ્ધોને, નિયમાનુસાર અને સંસ્થાની પ્રવેશ મર્યાદામાં, આદરભેર દાખલ કરી તમામ સુવિધાઓ વિનામુલ્યે આપવામાં આવે છે. વૃધ્ધાશ્રમમાં દાખલ થતા નિઃસંતાન વૃધ્ધો/વ્યકિતઓ પાસેથી કોઈપણ ફી, ચાર્જ લેવામાં આવતો નથી. તમામ સુવિધાઓ વડીલોને વિનામુલ્યે આપવામાં આવે છે. ગુજરાતનાં સૌથી મોટા આ વૃધ્ધાશ્રમમાં હાલ ૬૬૦ જેટલા માવતરો પોતાની પાછોતરી જીંદગીની ટાઢક લઈ રહયાં છે તેમાંથી ૨૦૦ વડીલો પથારીવશ (ડાઈપર વાળા) છે. ૩૦ એકરની જગ્યામાં ૫૦૦૦ વડીલો સમાઈ શકે તે માટે ૩૦૦ કરોડનાં માતબર ખર્ચે ૧૪૦૦ રૂમ યુક્ત સદભાવના વૃદ્ધાશ્રમ રામપર, જામનગર રોડ, રાજકોટ ખાતે બની રહ્યું છે. ઋષિકેશભાઈ પટેલનાં આ પ્રેરણાદાયી અનુદાનથી વૃદ્ધાશ્રમના વૃદ્ધોના કલ્યાણ માટેનાં આ સારા કાર્યને પ્રોત્સાહન મળશે.

# દારૂના બુટલેગરને પાસા તળે વડોદરાની જેલમાં ધકેલાયો

## પીસીબી પોલીસે તૈયાર કરેલી પાસાની દરખાસ્ત મંજુર કરતા પોલીસ કમિશ્નર



રાજકોટ મિરર, તા.૬

દારૂના ગુનામાં અગાઉ કુવાડવા રોડ પોલીસ સ્ટેશન અને ડીસીબી પોલીસ સ્ટેશનના ચોપડે ચડી ચૂકેલા શખ્સને ઝડપી લઈને પીસીબી પોલીસ દ્વારા પાસા તળે વડોદરાની મધ્યસ્થ જેલ ખાતે ધકેલી દેવાયો છે.

પ્રાપ્ત વિગતો મુજબ રાજકોટ શહેર પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા દ્વારા શહેરમાં દારૂની પ્રવૃત્તિ અટકાવવા અસરકારક કામગીરી કરવા માટે સૂચનાઓ આપવામાં આવી હતી. તે અન્વયે પીસીબીના ઇન્ચાર્જ પી.આઈ એમ.આર. ગોંડલીયાના માર્ગદર્શન હેઠળ અગાઉ દેશી દારૂના ગુન્હામાં પકડાયેલ નિતેશ ભનુ સોલંકી સામે પીસીબીના પી.એસ.આઇ પી.બી. ત્રાજિયા દ્વારા પાસાની દરખાસ્ત તૈયાર કરીને મંજૂરી માટે પોલીસ કમિશનર સમક્ષ મોકલવામાં આવી હતી.

આ દરખાસ્તને પોલીસ કમિશનર દ્વારા મંજૂર કરી દેવાતા પાસાના વોરંટની બજવણી કરી, જોડિયા-ખોરાણા રોડ ઉપર પાણીના ટાંકા પાસે રહેતા નિતેશ ભનુ સોલંકીને ઝડપી લઈને વડોદરાની મધ્યસ્થ જેલ ખાતે ધકેલી દેવાયો છે.

### શૈતાન પણ શરમ કરે તેવી ખળભળાટ મચાવતી ઘટના રાજકોટમાં બની ગઇ

# ૭ વર્ષની બાળાનો ૨૬ વર્ષના હવસખોરે બે વાર દેહ પીંખ્યો

## માતા સાથે નોકરી કરતાં શખ્સને બાળકી 'મોટા ભાઈ' તરીકે સંબોધન કરતી હતી: ભાઇએ સંબંધો શર્મસાર કર્યા: યુનિવર્સિટી પોલીસે દિલીપ ચૌહાણને સાણસામાં લઇ હવસખોરી ઉતારી નાંખી

**(દર્શનસિંહ જાડેજા દ્વારા)**
**રાજકોટ મિરર તા. ૫**

રાજકોટ: વિકૃત હવસખોર શૈતાનો ઠેકઠેકાણે પડયા પાથર્યા રહેતાં હોય છે. આવા શૈતાનો લોકોની વચ્ચે જ હોવા છતાં તેને ઓળખી શકાતા નથી. જ્યારે તે પોતાની વિકૃતીનો, શૈતાનિયતનો કોઇ માસુમ બાળક કે બાળકી કે પછી સગીરાઓને ભોગ બનાવી લે ત્યારે જ તેની હેવાનીયત છત્તી થતી હોય છે અને તેના પર સર્વત્રથી ફિટકાર વરસતો હોય છે. રાજકોટ શહેરમાં એક ખળભળાટ મચાવતી શૈતાની ઘટના સામે આવી છે. જેમાં છવ્વીસ વર્ષના એક હવસખોર ઢગાએ સાત જ વર્ષની બાળકીને બબ્બે વખત પોતાની હવસનો શિકાર બનાવી લીધી છે. એક વખત તો આ બાળકી લોહીલુહાણ પણ થઇ ગઇ હતી. ચોંકાવનારી વાત એ છે કે બાળકી આ ઢગાને મોટા ભાઇ તરીકે સંબોધન કરતી હતી, આ મોટો ભાઇ ભાઇ મટીને શૈતાન બની ગયો હતો. યુનિવર્સિટી પોલીસે બળાત્કાર-પોક્સોની કલમો હેઠળ એફઆઇઆર દાખલ કરી તેને દબોચી લઇ હવસખોરી ભુલાવી દેવાની કાર્યવાહી કરી છે.

શહેરમાં જાહેર થયેલી દૂષ્કર્મની વધુ એક ઘટનાએ સૌ કોઇને ચોંકાવી દીધા છે. સાત વર્ષની એક બાળકીને તેની માતા સાથે જ કામ કરતાં ઢગાએ અલગ અલગ દિવસે બબ્બે વખત હવસખોરીનો શિકાર બનાવી લીધી છે. જેમાં એક વખત તો બાળકીને લોહી નીકળી ગયા હતાં. મહિલા નોકરી પર હોઇ ત્યારે તેની સાથે જ નોકરી કરતો ઢગો જમવા જવાના સમયે મહિલાની ઘરે પહોંચી જતો હતો અને આ રીતે તેણે બે વખત તેણીની જાણ બહાર તેના ઘરે પહોંચી જઇ તેણીની સાત વર્ષની દિકરી પર બળાત્કાર ગુજારી લીધો હતો. ચોંકાવનારી વાત એ છે કે બાળા જેને મોટા ભાઇ કહેતી એણે હવસખોરી આચરતાં ચકચાર મચી ગઇ છે. યુનિવર્સિટી પોલીસે બળાત્કાર, પોક્સો હેઠળ ગુનો નોંધી તેને સકંજામાં લીધો છે.

શહેરભરમાં ચકચાર જગાવતી આ ઘટનામાં યુનિવર્સિટી પોલીસે ભોગ બનનાર સાત વર્ષની માસુમ બાળકીના માતાની ફરિયાદ પરથી દિલીપ મધુભાઇ ચૌહાણ નામના પચ્ચીસ વર્ષના ઢગા વિરૂધ્ધ બળાત્કાર, પોક્સો હેઠળ ગુનો નોંધી તેને સકંજામાં લેવા તજવીજ કરી છે. બાળકીના માતાએ





ફરિયાદમાં જણાવ્યું છે કે મારા પતિ હયાત નથી, મારે એક દિકરો અને એક દિકરી છે. હું પ્રાઇવેટ હોસ્પિટલમાં નોકરી કરી ગુજરાન ચલાવુ છું. હું જે જગ્યાએ નોકરી કરુ છું ત્યાં દિલીપ મધુભાઇ ચૌહાણ પણ સફાઇ કામ કરવા આવતો હોઇ તેની સાથે મારે પરીચય થતાં મેં તેને ધર્મનો ભાઇ બનાવ્યો છે અને હું તેને ચારેક મહિનાથી ઓળખુ છું. તેને હું મોટાભાઇનું સંબોધન કરુ છું. મારી દિકરીને હું ક્યારેક ક્યારેક નોકરીના સ્થળે સાથે લઇને જતી હોવાથી દિલીપ મારી દિકરીને પણ ઓળખે છે અને મારી દિકરી પણ તેને મોટા ભાઇ કહીને બોલાવે છે. મહિલાએ પોતાની ફરિયાદમાં આગળ જણાવ્યું હતું કે બપોરે જમવા માટે અમને અડધો કલાકની રજા મળે છે, તેમાં હું પહેલા જમવા જાઉ છું અને હું પરત આવુ પછી દિલીપ જમવા માટે જતો હોય છે. બે દિવસ પહેલા એટલે કે તારીખ ચાર નવેમ્બરના રોજ હું નોકરી પરથી ઘરે આવી ત્યારે અમારી નોકરીના સ્થળે વપરાતું એક પ્લાસ્ટીકનું કેન મેં મારા ઘરમાં જોતાં હું આ કેન લાવી ન હોઇ જેથી દિકરીને આ કેન વિશે પુછતાં તેણીએ મોટા ભાઇ આવ્યા હતાં અને તે આ કેન લાવ્યા છે.

આ વાત કરી દિકરી રડવા લાગી હતી અને રડતાં રડતાં કહ્યુ હતુ કે મોટા ભાઇએ મને પરાણે કિસ કરી લીધી હતી. દિકરીએ આગળ કહ્યું હતુ કે મોટા ભાઇએ બાદમાં મારા કપડા ઉતારી નાખી મને સુવડાવી દઇ મારા ઉપર તે સુઇ ગયેલ અને બળજબરી કરી હતી.દિકરીએ આગળ કહેલુ કે મને દુઃખાવો થવા માંડ્યો હતો, હું રાડો પાડવા માંડતા મોટાભાઇએ મને શાંતિ રાખવા કહ્યું હતું. તેમજ આવુ કરવાનું ચાલુ રાખ્યું હતું. થોડીવાર પછી તે નીચે ઉતરી ગયેલ અને જતા રહેલ. ત્યારબાદ મેં બાથરૂમમાં જઇ જોતાં મને પગ વચ્ચેથી લોહી નીકળ્યું હતું જે મેં સાફ કરી નાખ્યુ હતું. આ પછી મેં મારી દિકરીને ફરીથી પુછેલુ કે અગાઉ મોટા ભાઇ ક્યારેય આવ્યા હતાં? ત્યારે દિકરીએ જણાવેલુ કે થોડા દિવસ પહેલા પણ મોટા ભાઇ આવેલ અને ત્યારે તે જ્યુસ લઇને આવ્યા હતાં. ત્યારે પણ મારી સાથે આવુ કર્યુ હતું. દિકરીની આ વાત સાંભળી મેં દિલીપને ફોન કરતાં તેણે કહેલું કે મેં આવુ કંઇ કર્યુ નથી. જે તે વખતે રાત થઇ ગઇ હોઇ હું પોલીસ સ્ટેશને ગઇ નહોતી. નોકરીના સ્થળે જઇ બીજા દિવસે મેં સાથે કામ કરતાં કર્મચારીઓને વાત કરતાં મને પોલીસને જાણ કરવાનું કહેતાં મેં ફરિયાદ કરી હતી. તેમ વધુમાં બાળાના માતાએ જણાવતાં યુનિવર્સિટી પોલીસ સ્ટેશનના ઇન્ચાર્જ પોલીસ ઇન્સ્પેક્ટર કે. જે. કરપડા, પીએસઆઇ કારેથા, રાહુલભાઇ સહિતે બીએનએસની કલમ ૬૪ (આઇ) (એમ), ૬૫ (૨) તથા પોક્સો હેઠળ ગુનો નોંધી હવસખોર એવા ૨૫ વર્ષના ઢગા દિલીપ ચૌહાણન પકડી લેવાની કાર્યવાહી હાથ ધરી હતી. પોતાને જે બાળકી મોટા ભાઇ કહેતી હતી એ માસુમ બાળકીને જ બબ્બે વખત હવસખોરીની શિકાર બનાવી લેનારા આ શૈતાન પર સૌ કોઇ ફિટકાર વરસાવી રહ્યા છે.

### ગયા વર્ષની દિવાળીએ ફટાકડા લીધા'તા તેના પૈસા આ દિવાળી સુધી ન ચુકવતાં લોહી રેડાયુ

# ફટાકડાના રૂપિયા મામલે ખૂનની હોળીઃ વેપારીને ગોળીએ દીધા

## જોરાવરનગરમાં પાનની દૂકાન ધરાવતાં વેપારીએ ભત્રીજાના લેણા નીકળતાં પાંત્રીસ હજાર માંગતા સુરેન્દ્રનગરનો શખ્સ ઉશ્કેરાયો અને ભડાકો કર્યોઃ ગોહિલ પરિવારે મોભીને ગુમાવતાં ગમગીની

**(દર્શનસિંહ જાડેજા દ્વારા)**
**રાજકોટ મિરર તા. ૩૧**

રૂપિયાની લેતીદેતી મામલે મારામારી, ગાળાગાળી અને બોલાચાલીની ઘટનાઓ રોજબરોજ બનતી રહે છે. ઘણીવાર નાણાની ઉઘરાણીનો ડખ્ખો ખૂનની હોળીમાં પણ પલ્ટાઇ જતો હોય છે. ગયા વર્ષની દિવાળીએ એક શખ્સ બાકીમાં ફટાકડા લઇ ગયો હોઇ તેના પાંત્રીસ હજાર આ દિવાળીએ પણ ન ચુકવ્યા હોઇ પોતાના ભત્રીજાના આ નાણાની પાનના વેપારીએ ઉઘરાણી કરતાં જેને પૈસા ચુકવવાના હતાં એ શખ્સે ઉશ્કેરાઇ જઇ ઝઘડો કરી પોતાની પાસેના હથીયારમાંથી ભડાકો કરી વેપારીની છાતીમાં ગોળી ધરબી હત્યા કરી નાખતા અરેરાટી વ્યાપી ગઇ હતી. સુરેન્દ્રનગરના જોરાવરનગરની આ ઘટનામાં મોભી ગુમાવનારા પરિવારમાં શોક છવાઇ ગયો હતો. મૃતદેહને ફોરેન્સિક પોસ્ટમોર્ટમ માટે પોલીસે રાજકોટ પીડીયુ મેડિકલ કોલેજ ખાતે ખસેડી આરોપીને ઝડપી લેવા ટીમો કામે લગાડી હતી.

હત્યાની આ ઘટના પર નજર કરીએ તો સુરેન્દ્રનગરના જોરાવરનગરમાં વધુ એક વખત કાયદો વ્યવસ્થાના લીરા ઉડ્યા છે. ગામમાં પાનની દૂકાન ધરાવતાં વેપારીની તેમની જ દૂકાનમાં સુરેન્દ્રનગરના શખ્સે છાતીમાં ગોળી ધરબી હત્યા કરી નાખતાં ગામમાં ચકચાર મચી ગઇ છે અને પરિવારમાં અરેરાટી વ્યાપી ગઇ છે. હત્યાનો ભોગ બનનાર વેપારીના ભત્રીજાએ ગયા વર્ષની દિવાળી પર ફટાકડાનો સ્ટોલ કર્યો હોઇ તેમને ત્યાંથી સુરેન્દ્રનગરનો શખ્સ બાકીમાં ફટાકડા લઇ ગયો હતો.

આ ફટાકડાના પાંત્રીસ હજાર રૂપિયા આ દિવાળી સુધી ચુકવ્યા નહોતાં. ગત રાતે આ શખ્સ ફરી દૂકાન પાસે આવતાં વેપારીએ આગલા લેણા રૂપિયાની ઉઘરાણી કરતાં તે ઉશ્કેરાઇ ગયો હતો અને ઝઘડો ફાયરીંગ કરી દેતાં વેપારીની લોથ ઢળી ગઇ હતી. મૃતદેહને ફોરેન્સિક પોસ્ટમોર્ટમ





માટે રાજકોટ ખસેડાયો હતો. જોરાવરનગરમાં પાનની દૂકાનમાં બેઠેલા વેપારીને ફાયરીં ગ કરી સુરેન્દ્રનગરના શખ્સે હત્યા કરી નાખી હતી. બનાવની વિગતો પર નજર કરીએ તો જોરાવરનગરમાં રહેતાં પચાસ વર્ષના જીતેન્દ્રસિંહ અગરસિંહ ગોહિલ નામના વેપારી મંગળવારે રાતે ગામના પાદરમાં આવેલી પોતાની મયુર પાન નામની દૂકાનમાં ખુરશી પર બેઠા હતાં ત્યારે સુરેન્દ્રનગરના વનરાજ કાળુભાઇ ખાચરે આવી ઝઘડો કરી પોતાની પાસેના હથીયારમાંથી ફાયરીં ગ કરતાં એક ગોળી જીતેન્દ્રસિંહની છાતીમાં ખુંપી ગઇ હતી. સરાજાહેર ફાયરીંગ થતાં દેકારો મચી જતાં ગામ લોકો ભેગા થઇ ગયા હતાં.

ભડાકો કર્યા બાદ આરોપી વનરાજ ખાચર ભાગી ગયો હતો. ગંભીર ઇજા પામનાર વેપારી જીતેન્દ્રસિંહ ગોહિલને પ્રથમ જોરાવનગર હોસ્પિટલમાં અને ત્યાંથી સુરેન્દ્રનગર હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ ડોક્ટરે તેમને મૃત જાહેર કરતાં અરેરાટી વ્યાપી ગઇ હતી. બનાવ અંગે જોરાવરનગર પોલીસે હત્યાનો ગુનો નોંધી આરોપીને ઝડપી લેવા દોડધામ શરૂ કરી હતી. વધુ માહિતી મુજબ હત્યાનો ભોગ બનનાર વેપારી જીતેન્દ્રસિંહ ગોહિલ ચાર ભાઇ અને બે બહેનમાં નાના હતાં. તેમને સંતાનમાં બે પુત્રી અને એક પુત્ર છે. સગાએ વધુમાં જણાવ્યું હતું કે જીતેન્દ્રસિંહ ગોહિલના ભત્રીજા મયુરસિંહ ગોહિલે વર્ષ ૨૦૨૩માં દિવાળી વખતે જીતેન્દ્રસિંહની મયુર પાન નામની દૂકાનની બાજુમાં જ ફટાકડાનો સ્ટોલ કર્યો હતો. તે વખતે સુરેન્દ્રનગરનો વનરાજ ખાચર બાકીમાં ફટાકડા લઇ ગયો હતો. જેના રૂપિયા ૩૫ હજાર આ દિવાળી સુધી તેણે ચુકવ્યા નહોતાં. ગત રાતે વનરાજ જોરાવરનગરમાં આવ્યો હોઇ અને જીતેન્દ્રસિંહની દૂકાન પાસે આવતાં તેમણે અગાઉના લેણા નીકળતા ફટાકડાના રૂપિયાની ઉઘરાણી કરતાં વનરાજે ઝઘડો ચાલુ કરી ગાળાગાળી કરી હતી અને પોતાની પાસેના હથીયારથી ભડાકો કરતાં ગોળી જીતેન્દ્રસિંહની છાતીમાં ખુંપી ગઇ હતી અને તેમનું મૃત્યુ થયું હતું. આમ એક વર્ષ પહેલાના ફટાકડાના લેણા નીકળતા નાણાની તકરારમાં લોહીની હોળી ખેલાઇ ગઇ હતી.

# જુગારના બે દરોડામાં ૧૨ તાસપ્રેમી પકડાયા

## ભક્તિનગર પોલીસે લલુડી વોક્ળી અને સહકાર મેઈન રોડ પર પાડ્યા જુગાર દરોડા

રાજકોટ મિરર, તા.૬

શહેરના લલુડી વોક્ળી અને સહકાર મેઈન રોડ પર જાહેરમાં જુગાર રમાતો હોવાની બાતમી પરથી બે દરોડા પાડી રૂ. ૩૩,૧૫૦ના મુદ્દામાલ સાથે ૧૨ તાસપ્રેમીને ઝડપી લીધા હતા.

પ્રાપ્ત વિગતો મુજબ લલુડી વોકળી પાસે ખુલ્લી જગ્યામાં જુગાર રમાતો હોવાની બાતમી મળતા ભક્તિનગર પોલીસનાં દિલીપભાઇ બોરીચા અને મનીષભાઇ ચાવડાએ દરોડો પાડી જુગાર રમતા જલીલ મુનીજ શેખ, શફીક સરીફ શેખ, રફીક બાબુ શેખ, ગુડુ યુસુફ શેખ, જાહીદ મોહમદ અજીજ સૈયદ અને રાજુ અલીરજા શેખને ઝડપી ૧૦૬૨૦નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

જ્યારે બીજા બનાવમાં સહકાર મેઇન રોડ શ્રીનગર સોસાયટી




વિનાયક એપાર્ટમેન્ટમાં જુગાર રમતા સુરેશ વિઠલ મદાણી, પિયુષ જેન્તી મહેતા, જયેશ નટુ બગડાઇ, મહેશ વજુ દોશી, અલ્તાફ રહીમ પાધરસી અને સદરૂદીન કાસમ કારાણીને ઝડપી તેમની પાસેથી ૨૨૫૩૦નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

### દિવાળીના તહેવારોમાં ૨૪ કલાક સારવારની જાહેરાત વધુ એક વખત પોકળ સાબિત ?!

# સિવિલમાં તબીબોની બેદરકારીથી યુવાનના મોતનો આક્ષેપ

## તાલાલાના યુવાનની લાશ ૮ કલાક પડી રહી : યોગ્ય સારવારના અભાવે દીકરો ગુમાવ્યોનો મૃતક યુવાનના પરિવારજનોનો આક્ષેપ : પોલીસ-કલેકટરને કરાઈ રજૂઆત

રાજકોટ મિરર, તા.૬

શહેરની સિવિલમાં દિવાળીના તહેવારો દરમિયાન તબીબો ૨૪ કલાક સારવાર આપવા ખડેપગે રહેશે તેવી જાહેરાત કરી પેપર ટાઈગર બનેલા સંબંધિત તબીબોની વધુ એક બેદરકારીનો આક્ષેપ થયો છે. તાલાલાના યુવાનની યોગ્ય સારવારના અભાવે તેમનું મોત થયાનો આક્ષેપ કરી કસુરવાર તબીબો સામે પગલાં ભરવા મૃતક યુવાનના પરિવારજનોએ પ્રનગર પોલીસે અને જીલ્લા કલેકટરને લેખિત ફરિયાદ-અરજી કરી છે. જો કે, મામલો વણસતા બચાવવા પોલીસ અને સિવિલના આરએમઓની સજાગતા કામ કરી જતા મામલો થાળે પડ્યો હતો પણ આટલો સમય એટલેકે ૭-૮ કલાક મૃતકની લાશ હોસ્પિટલમાં પડી રહેતા મૃતકના પરિવારજનોમાં વધુ રોષ દેખાયો હતો.

સમગ્ર બનાવની પ્રાપ્ત વિતો મુજબ તાલાલામાં પીપળવા રોડ પર આવેલા આંબેડકર નરમાં રહેતા દલિત પ્રકાશભાઈ



કાળાભાઈ કાથડ (ઉ.વ.૩૮) તા. ૧-૧૧ની રાત્રીના નવેક વાગ્યે તેમના ઘરેથી અગાશી પરથી અકસ્માતે ગબડી પડતા પ્રકાશભાઈ બેભાન હાલતમાં સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં દાખલ કરાયા હતાં. જ્યાં ચાલુ સારવાર દરમિયાન તા. ૪ના રોજ પ્રકાશભાઈનું મૃત્યુ થયું હતું.

અકસ્માત બાદ તાલાલાની સિવિલ હોસ્પિટલ અને બાદમાં જૂનાઢની સિવિલ હોસ્પિટલમાં જરૂરી સારવાર બાદ શહેરની સિવિલ હોસ્પિટલમાં તા. ૩ના રોજ દાખલ કર્યાના બે દિવસ સુધી ફરજ પરના તબીબોએ યોગ્ય સારવાર કે સીટીસ્કેન ન કરતા પ્રકાશભાઈનું મોત થયાનો આક્ષેપ કરી મૃતકના પરિવારજનોએ રોષ પ્રદર્શિત કરતા હોસ્પિટલે દલિત સમાજના ટોળેટોળા એકત્ર થઈ ગયા હતાં.

એક તબક્કે વાતાવરણ વણસે તેવી સ્થિતિ સર્જાઈ હતી. પણ પ્રદ્યુમન નગર પોલીસના પીઆઈ ભાર્ગવ જણકાર સ્ટાફ સાથે દોડી આવી, હોસ્પિટલના આર.એમ.ઓ. ડો. દુસરાને સાથે રાખી મામલો જાણી મૃતક યુવાનના પરીવારજનોને શાંતિ કરી ફોરેન્સીક પીએમ કરાવ્યું હતું.

આટલો સમય એટલે કે, સતત આઠ કલાક સુધી પ્રકાશભાઈની લાશ હોસ્પિટલમાં પડી રહેતા મૃતકના પરિવારજનોનો રોષ બેવડાયો હતો. આ બાબતે મૃતકના પરિવારજનોએ પ્રનગર પોલીસ અને જીલ્લા કલેકટરને લેખિત ફરિયાદ અરજી કરી બેદરકારી દાખવનાર કસુરવાર તબીબો સામે શિક્ષાત્મક પગલાં ભરવાની માંગ કરી છે.

### રામાપીર ચોકડી વિસ્તારમાંથી

# બ્રાઉન સુગરના જથ્થા સાથે કેતન ઉધાસ ઝડપાયો

## ૬૨.૭૨ ગ્રામ બ્રાઉનસુગર, રૂ.૧૦ હજારનો એક મોબાઈલ તેમજ રોકડ રૂપિયા ૧૩૦૦ મળી કુલ રૂ.૩,૨૪,૯૦૦ નો મુદામાલ કબજે કરતી શહેર SOG



રાજકોટ મિરર, તા.૬

સ્પેશિયલ ઓપરેશન ગ્રુપના પી.આઈ એસ.એમ. જાડેજાના માર્ગદર્શન હેઠળ હેડ કોન્સ્ટેબલ જયદીપસિંહ ચૌહાણ, ઉપેન્દ્રસિંહ ઝાલા વિગેરે સ્ટાફ પેટ્રોલિંગમાં હતો. તે દરમિયાન આ બંને પોલીસ જવાનોને સંયુક્ત રીતે બાતમી મળી હતી કે રામાપીર ચોકડીના પુલ નીચે એક અજાણ્યો શખ્સ શંકાસ્પદ હાલતમાં માદક પદાર્થ સાથે ઉભો છે.

દરમિયાન બાતમીના આધારે રામાપીર ચોકડીના પૂલ નીચે એસઓજીનો સ્ટાફ ત્રાટકતા ત્યાં ઉભેલા અજાણ્યા શખ્સને પૂછપરછ કરતા પોતે ઉધાસ કેતન અશોકદાન ગઢવી( રહે. રામાપીર ચોકડી, લાભદીપ સોસાયટી, શેરી નંબર-૩, પરિશ્રમ સ્કૂલની સામે રાજકોટ) હોવાનું પોલીસને જણાવ્યું હતું. પોલીસે તેમની અંગજડતી લેતા કેતન પાસેથી રૂ. ૩,૧૩,૬૦૦ ની કિંમતનું ૬૨.૭૨ ગ્રામ બ્રાઉનસુગર, રૂ.૧૦ હજારનો એક મોબાઈલ તેમજ રોકડ રૂપિયા ૧૩૦૦ મળી કુલ રૂ.૩,૨૪,૯૦૦ નો મુદામાલ મળી આવ્યો હતો.

માદક પદાર્થ કબજે લેવાયા બાદ આ પદાર્થ શું છે તે જાણવા માટે એસઓજી દ્વારા એફએસએલ અધિકારી એસ.એચ. ઉપાધ્યાયની મદદ લેતા તેમના દ્વારા માદક પદાર્થ હેરોઇન બ્રાઉનસુગર હોવાનું પ્રાથમિક પરીક્ષણ કરી અભિપ્રાય અપાયો હતો.

કેતન ગઢવીને પકડી પાડવા માટે પી.આઇ.એસ.એમ. જાડેજા., પીએસઆઇ આર. જે. કામળીયા, પ્રો.પી.એસ.આઇ. સી.બી. અજુડીયા, એ.એસ.આઇ. વિરેન્દ્રસિંહ ઝાલા, હેડ કોન્સ્ટેબલ જયદીપસિંહ ચૌહાણ, ઉપેન્દ્રસિંહ ઝાલા, સિધ્ધરાજસિંહ જાડેજા, રાજેશભાઈ બાળા, અજયભાઈ ચૌહાણ, અરૂણભાઇ બાંભણિયા, મૌલિકભાઈ સાવલિયા, હરદેવસિંહ જાડેજા, દિગ્વિજયસિંહ ગોહિલ, મહાવીરસિંહ ઝાલા, પોલીસ કોન્સ્ટેબલ હાર્દિક પરમાર, કિશોરભાઈ ઘુઘલ, અમિતભાઈ ટુંડિયા, યોગરાજસિંહ ગોહિલ તેમજ એ.એસ.આઇ. કૃષ્ણસિંહ જાડેજા રોકાયા હતા.

# પરિવાર કબરાઉં ગયો તસ્કરો ઘરે ત્રાટક્યા

## રૈયાધાર વિસ્તારનો બનાવ : ૫ હજાર રોકડ મળી રૂ.૩૧,૨૦૦નો મુદ્દામાલ ચોરી ગયા

રાજકોટ મિરર, તા.૬

ઘરને તાળા મારીને જાઓ તો પોલીસને જાણ કરો તેવી અનેકવખત પોલીસ તંત્રની જાહેરાત પછી પણ શહેરીજનોમાં બેદરકારી દેખાતી હોવાની સાબિત થઇ રહી છે, રૈયાધાર વિસ્તારનો એક પરિવાર ઘરને તાળા મારીને ધાર્મિક સ્થળ કબરાઉં ગયા બાદ પાછળથી તસ્કરોએ ત્રાટકીને રૂ. ૩૧,૨૦૦નો મુદ્દામાલ ચોરી ગયાની યુનિવર્સીટી પોલીસમાં ફરિયાદ નોંધાવાઈ છે.

પ્રાપ્ત વિગતો મુજબ રૈયાધારના ૧૨ મળીયા આવાસમાં રહેતા બાબુભાઇ ગોવિંદભાઇ બથવારે ફરિયાદમાં જણાવ્યુ હતુ કે, તેઓ તા.૩૧ના રોજ પરિવાર સાથે કચ્છ કબરાઉ ગયા હતા ત્યારબાદ તા.૫ના રોજ રાત્રીના અઢી વાગ્યે પરત ફર્યા હતા. ત્યારે ઘરનું તાળુ ખોલી રૂમમાં જઇને બધા સુઇ ગયા હતા. અને બપોરે શાયપર ગામે સાસુ વાલીબેનના ઘરે જવુ હોય જેથી ત્યા જવા રિક્ષાની ચાવી શોધતા હતા ત્યારે ચાવી જોવામાં આવી નહોતી અને આ અંગે ઘરમાં કબાટમાં તપાસ કરતા તેમાં રોકડ અને અલગ-અલગ દાગીના સહિત રૂા.૩૧,૨૦૦નો માલમતાની ઘરમાંથી કોઇ ચોરી ગયાનું જાણવા મળ્યુ હતુ. આ ઘટના અંગે આ ચોરી પાછળ કોઇ જાણભેદૂ હોવાની શંકા સેવાઇ રહી છે. આ મામલે યુનવર્સિટી પોલીસના પ્રોબેશનલ પીએસઆઈ એન.કે.પંડ્યા દ્વારા તપાસ શરૂ કરાઈ છે.

# ગોંડલ એસટી ડેપોને ફળી દિવાળી

## રૂપિયા ૧૪ લાખથી વધુની એક્સ્ટ્રા આવક નોંધાઈ





ગોંડલ એસટી ડેપોને દિવાળી ફળી હતી. ડેપો મેનેજર કુલદીપસિંહ જાડેજાએ જણાવ્યું હતું કે દિવાળીના તહેવાર દરમિયાન એસટી ડેપો દ્વારા મુસાફરો ની સુવિધા માટે ધનતેરસથી લાભ પંચમી સુધીમાં એક્સ્ટ્રા સંચાલન કરવામાં આવ્યું હતું. જેમાં સુરત, ગોધરા, દાહોદ, ગુલબાર મંડોર, જામનગર જૂનાગઢ સહિત ટ્રાફિકને અનુકૂળ એક્સ્ટ્રા સંચાલન કરવામાં આવ્યું હતું. જેમાં કુલ એક્સ્ટ્રા આશરે ૨૫૦ થી વધુ ટ્રીપ દ્વારા ૩૫૦૦૦થી વધુ કિમી સંચાલન કરીને એસટીને વધારાની આશરે ૧૪ લાખ આવક મળી હતી. સમગ્ર ડિવિજનમા નવ ડેપોમાંથી ગોંડલ પહેલાં નંબર પર રહેતા ગોંડલ એસટી ડેપોને દીવાળીનો તહેવાર ફળ્યો હોવાનું કહેવાનું ઉચિત લાગે છે. **(ફોટો : કુલદીપસિંહ જાડેજા )**

# ન્યારા નજીકના અકસ્માતમાં પુત્ર બાદ માતાનું પણ મૃત્યુ

## પુત્રનું સારવાર મળે તે પહેલા જ થયું'તું મોતઃ પરાપીપળીયા પરત ફરતી વખતે કાર ચાલકે લકુમ પરિવારને સ્કુટર સાથે લીધો હતો હડફેટે

રાજકોટ મિરર, તા.૬

દિવાળીના પર્વ દરમિયાન પરાપીપળીયાના પરિવારને જામનગર હાઈવે પરના ન્યારા નજીક નડેલા અકસ્માતમાં મૃતાંક ૨ પર પહોચ્યો છે. બનાવ સમયે સારવાર મળે તે પહેલાજ આઠ વર્ષના માસૂમનું મૃત્યુ થયા બાદ આજે બપોરે ગંભીર ઈજાઓની સારવાર લઇ રહેલા મૃતક માસુમના માતાનું પણ મૃત્યુ થતા લકુમ પરિવાર શોકમાં ગરક બન્યો છે.

મળતી વિગતો મુજબ પડધરી નજીક પરાપીપળિયા ગામે આવેલી હાથી મસાલા કંપનીમાં નોકરી કરતા મૂળ વઢવાણના વતની અને છેલ્લાં ૨૦ વર્ષથી પરાપીપળીયા રહેતા પ્રહલાદભાઈ સોંડાભાઈ લકુમ (ઉં.વ.૪૦) તેનાં પત્ની પારૂલબેન (ઉં.વ.૩૩) તથા પુત્ર પ્રિન્સ (ઉં.વ.૮) સાથે દિવાળીના તહેવારમાં ગયા ગયા સોમવારે, સાંજે રાજકોટ ફિલ્મ જોવા આવ્યા હતા અને ફિલ્મ જોઈ પરિવાર જામનગર રોડ પર આવેલી હોટલમાં જમવા ગયા હતા. જ્યાંથી સ્કૂટરમાં પરત ઘર તરફ જતાં હતાં ત્યારે રાતે બારેક વાગ્યે ન્યારા ગામના પાટિયા પાસે પહોંચતા કારના ચાલકે પ્રહલાદભાઈના પરિવારને હડફેટે લેતા પ્રહલાદભાઈ, તેમના પત્ની પારૂલબેન, પુત્ર પ્રિન્સને ઈજાઓ થતાં રાજકોટ




સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં ૮ વર્ષના પ્રિન્સનું સારવાર મળે તે પહેલાં જ મૃત્યુ નીપજ્યું હતું. જ્યારે પારૂલબેન અને પ્રહલાદભાઈને સારવારમાં દાખલ કરવામાં આવ્યા હતા. પારૂલબેનની હાલત ગંભીર બનતા આજે બપોરે તેમનું પણ મૃત્યુ થતા અકસ્માતમાં પત્ની અને પુત્ર ગુમાવનાર પ્રહલાદભાઈ ઉપર આભ તૂટી પડ્યું હતું.

આ અકસ્માતમાં કારચાલક વચલીઘોડી ગામે રહેતા ક્રિપાલસિંહને પણ ઈજા પહોંચતા તેને પણ સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં ખસેડાયા હતા. બનાવની જાણ થતા પડધરી પોલીસ મથકનો સ્ટાફ ઘટના સ્થળે અને રાજકોટ સિવિલ હોસ્પીટલે દોડી ગયો હતો અને જરૂરી કાર્યવાહી કરી મૃતકના પ્રિન્સના પિતા પ્રહલાદભાઈની ફરિયાદ પરથી કારચાલક સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. પ્રાથમિક તપાસમાં પ્રિન્સ એક બહેનથી નાનો હતો. તેની મોટી બહેન બીજા સગાના વાહનમાં બેઠી હતી. માતા-પુત્ર બન્નેની વતન વઢવાણ ખાતે અંતિમવિધિ કરવામાં આવી હતી. પરિવારના બે સભ્યો ગુમાવતા પરિવારમાં શોક વ્યાપ્યો છે.

ગૃહકંકાશે પરીવારનો મોભી છીનવ્યો

# યુવાન અને વૃધ્ધ માતા-પિતાનું વિષપાન : પિતાનું મોત

## સામા કાંઠે આર્યનગરનો બનાવઃ યુવાનના પત્નિને સાસુ સાથે ચડભડ થતાં રિસામણે હતીઃ પતિ સાથે ફોનમાં ફરી ચડભડ થતાં પતિએ પોતે દવા પી જાય છે તેમ કહ્યુંઃ તેણી સાસરે જોવા આવી તો પતિ સાથે સાસુ-સસરા પણ ઝેર પીધેલા મળતાં સારવારમાં ખસેડ્યા : સસરાનું મોત

**(દર્શનસિંહ જાડેજા દ્વારા)**
**રાજકોટ મિરર તા. ૫**

રાજકોટઃ ઘર પરિવાર હોય ત્યાં વાસણ ખખડતા હોય છે. એટલે કે અમુક ઘરોમાં પતિ-પત્નિ વચ્ચે કે પછી સાસુ-વહૂ વચ્ચે કે પછી નણંદ-ભોજાઇ વચ્ચે કે દેરાણી-જેઠાણી વચ્ચે નાની મોટી વાતે ચડભડ થતી રહેતી હોય છે. પરંતુ ક્યારેક આવી બબાલ ગંભીર સ્વરૂપ પકડી લે તો માઠુ પરિણામ આવતું હોય છે. રાજકોટ શહેરના સામા કાંઠે રહેતાં યુવાન અને તેના માતા-પિતાએ ગૃહકલેશને કારણે એક સાથે ઝેરી દવા ગટગટાવી આત્મહત્યાનો પ્રયાસ કરતાં ત્રણેયને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાયા હતાં. દરમિયાન ઘરના મોભી ભરતભાઇ કોટેચાનું સારવાર દરમિયાન મૃત્યું થયું છે. જ્યારે તેમના પતિ અને પુત્ર સારવાર હેઠળ હોવાનું પોલીસે જણાવ્યું છે.

અઠવાડીયાથી રિસામણે રહેલી પરિણીતા સાસરે પહોંચી ત્યારે પતિ, સાસુ, સસરાને ઝરે પીધેલી હાલતમાં નિહાળતમાં હતપ્રભ થઇ ગઇ હતી અને તેણીએ જ ત્રણેયને દવાખાને પહોંચાડ્યા હતાં.બનાવની જાણવા મળેલી માહિતી અનુસાર આર્યનગરમાં રહેતાં લોહાણા યુવાનની પત્નિ અઠવાડીયા પહેલા રેસકોર્ષ પાર્કમાં





માવતરે જતી રહી હોઇ અને મંગળવારે તેણીએ ફોન પર વાત કરતાં અલગ થવા મામલે પતિ સાથે ચડભડ થતાં પતિએ પોતે દવા પી જાય છે તેવી વાત કરી હતી અને ફોન કટ કરી નાખ્યો હતો. બાદમાં પત્નિ માવતરેથી સાસરીયે જોવા આવતાં પતિ અને સાસુ સસરા દવા પીધેલી હાલતમાં મળ્યા હતાં. વિગતો પર નજર કરીએ તો આર્યનગર શેરી નં. ૨૦માં બાપા સિતારામ મઢુલી પાસે રહેતાં પાંત્રીસ વર્ષના ગૌરવભાઇ ભરતભાઇ કોટેચા નામના યુવાન તથા તેના સિત્તેર વર્ષના માતા સરલાબેન ભરતભાઇ કોટેચા અને સિત્તેર વર્ષના પિતા ભરતભાઇ શાંતિલાલ કોટેચા મંગળવારે બપોરે બારેક વાગ્યે ઝેરી દવા પી જતાં સારવાર માટે પીડીયુ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતાં.જ્યાં સારવાર દરમિયાન ભરતભાઇ કોટેચાનું મૃત્યું થયું હતું. ઇમર્જન્સી વિભાગના ડોક્ટરે આ ઘટનામાં પોલીસ કેસ જાહેર કરતાં બી-ડિવીઝન પોલીસને જાણ કરવામાં આવી હતી. માતા-પિતા સાથે ઝેર પી લેનારા ગૌરવભાઇને સંતાનમાં એક પુત્ર અને બે પુત્રી છે. પોતે બે બહેનના એકના એક નાના ભાઇ છે અને કુવાડવા રોડ સાત હનુમાન પાસે એલઇડીની શો રૂમમાં નોકરી કરે છે. ગૌરવભાઇના પત્નિનું નામ રાધીકાબેન છે. તેણીએ જ ત્રણેયને સારવાર માટે પહોંચાડ્યા હતાં. તેણીએ વિગતો જણાવતાં કહ્યું હતું કે અમારે ઘરમાં સાસુ-વહુ વચ્ચે ચડભડ થઇ હોઇ અઠવાડીયા પહેલા હું રેસકોર્ષ પાર્કમાં માવતરે જતી રહી હતી. તેણીએ આગળ કહેલુ કે મંગળવારે મેં પતિને ફોન કરીને એકાદ મહિનો અલગ રહેવા જતા રહીએ ઘરમાં કલેશ શાંત થઇ જશે તેવી વાત કરતાં ફરીથી અમારે ચડભડ થઇ હતી.. એ પછી પતિએ મને પોતે દવા પી જાય છે તેમ કહી ફોન કટ કરી નાખ્યો હતો. ત્યારબાદ હું માવતરેથી સાસરે પહોંચતા રૂમમાં મારા પતિ તેમજ સાસુ અને સસરા ત્રણેયને દવા પીધેલી હાલતમાં જોતાં મેં જ ત્રણેયને સિવિલ હોસ્પિટલમાં ખસેડ્યા હતાં. અગાઉ મેં પણ ફિનાઇલ પી લીધુ હતું તેમ તેણીએ વધુમાં જણાવ્યું હતું. સિવિલ હોસ્પિટલ ચોકીના ચોકીના સ્ટાફે બી-ડિવીઝનમાં જાણ કરતાં પોલીસે નિવેદન નોંધવા તજવીજ કરી હતી.

આગોતરા જામીન રદ્દ થતા હવે ગમે તે ઘડીએ મેટોડા પોલીસ ત્રણેયને દબોચી લેશે
ત્રણેય ભૂગર્ભમાં : મોબાઈલ બંધ : તપાસનો ધમધમાટ શરુ કરતા મેટોડાના PSI સંજય શર્મા

# છાપરાના વિદ્યાર્થીને મરવા મજબૂર કરનાર મોટાવડા શાળાના ત્રણેય શિક્ષકો સસ્પેન્ડ

ખીરસરા-મેટોડા, રાજકોટ મિરર તા.૬ લોધિકા તાલુકાના છાપરા ગામે રહેતા અને મોટાવડા ગામની ઉચ્ચત્તર માધ્યમિક શાળાના ધો.૧૧ના વિદ્યાર્થીને મરવા મજબૂર કરનાર ત્રણેય શિક્ષકોની આગોતરા જામીન રદ થયા બાદ ત્રણેયને રાજકોટના જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી અને ઇન્ચાર્જ જિલ્લા શિક્ષણ અધિકારી દીક્ષિત પટેલે ત્રણેય શિક્ષકને સસ્પેન્ડ કરી દેતા હવે ગમે તે ઘડીએ ત્રણેયને પકડવાની કાર્યવાહીનો ધમધમાટ શરુ કર્યો હોવાનું મેટોડા પોલીસના પીઆઈ સંજય શર્માએ ''રાજકોટ મિરર''ને જણાવ્યું હતું.

સમગ્ર મામલાની વિગતો જોઈએ તો લોધિકા તાલુકાના છાપરા ગામે રહેતા અને મોટાવડા ગામની ઉચ્ચત્તર માધ્યમિક શાળામાં ધો.૧૧ માં અભ્યાસ કરતા કોમર્સના વિદ્યાર્થી ધ્રુવીલ ભરતભાઈ વરુએ ગઈ ૧૯.૧૦.૨૦૨૪ નાં રોજ શાળાના આચાર્ય અને બે શિક્ષકોના ત્રાસથી કંટાળી, વિડીયો બનાવી, સ્યુસાઈડનોટ લખી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. જે તે સમયે રાજ્યવ્યાપી ચકચારી બનેલા આ બનાવમાં મૃતક વિદ્યાર્થીના પિતાની ફરિયાદ પરથી મેટોડા પોલીસે આચાર્ય સચિન વ્યાસ, શિક્ષિકા મોસમીબેન શાહ અને વિભૂતિ જોશી સામે ૨૦.૧૦.ના રોજ ગુન્હો દાખલ કર્યો હતો. આ સમયથી એટલેકે એક પખવાડીયાથી વધુના સમયથી ત્રણેય શિક્ષકો



પોલીસ પક્કડથી દુર રહેવા ભૂગર્ભમાં ઉતરી ગયા છે.

દરમિયાન આ ત્રણેય શિક્ષકોએ ગોંડલ કોર્ટમાં આગોતરા જામીન અરજી કરી હતી. પરંતુ ત્રણેયની આગોતરા જામીન અરજી કોર્ટે નામંજૂર કરતા પોલીસ માટે ત્રણેયથી ધરપકડ માટે માર્ગ મોકળો થઇ ગયો છે. અને ગમે તે ઘડીએ ત્રણેયને દબોચી લેવા મેટોડા પોલીસે કવાયત આદરી છે.

બીજી તરફ રાજકોટના જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી અને ઇન્ચાર્જ જિલ્લા શિક્ષણ અધિકારી દીક્ષિત પટેલે ત્રણેય શિક્ષકને સસ્પેન્ડ કરી તે અંગેનો રિપોર્ટ રાજ્ય સરકારને મોકલી આપ્યો આપ્યો હોવાની વિગતો આધારભૂત વર્તુળોમાંથી મળી છે.

### ખુલાસાનો જવાબ પણ ન આપ્યો

રાજકોટ જિલ્લા શિક્ષણ અધિકારી દીક્ષિત પટેલે જાહેર કર્યું છે કે લોધિકાના મોટાવડાની સરકારી શાળામાં અભ્યાસ કરતા ધોરણ ૧૧ના વિદ્યાર્થી ધ્રુવીલ વરૂએ આપઘાત કરી લીધાની ઘટનામાં સ્કૂલના આચાર્ય સહિત ત્રણેય શિક્ષકોનો લેખિત ખુલાસો પૂછવામાં આવ્યો હતો. પરંતુ તેમનો હજુ સુધી જવાબ આપ્યો નથી અને તેમની સામે પોલીસ એફઆઈઆર નોંધાયાના પગલે હાલ ત્રણેય શિક્ષકોને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે અને તેનો રિપોર્ટ રાજ્ય કક્ષાએ મોકલી દેવાયો છે.

### શિક્ષકોના નિવાસે છાપા, મોબાઈલ બંધ ત્રણેય ભૂગર્ભમાં

આ અંગે લોધિકા પોલીસ સ્ટેશનના પીઆઈ શર્માએ રાજકોટ મિરર સાથેની વાતમાં જણાવ્યું હતું કે, વિદ્યાર્થી આપઘાત પ્રકરણમાં ત્રણેય શિક્ષકો સામે ગુનો નોંધાયા બાદ ધરપકડથી બચવા આગોતરા જામીન મૂક્યા હતા પણ કોર્ટે તે ફગાવી દેતા હવે ગમે તે ઘડીએ ત્રણેયને દબોચી લેવાશે. આવી કાર્યવાહીના ભાગરૂપે રાજકોટ રહેતા ત્રણેય શિક્ષકોના નિવાસ સ્થાને છાપો મરાતા કોઈ મળ્યા નથી, તમામના મોબાઈલ પણ બંધ આવે છે. આચાર્ય સચિન વ્યાસ, શિક્ષિકા મોસમી શાહ અને વિભૂતિ જોશી સામે ધ્રુવીલને મરવા મજબૂર કર્યાનો ગુન્હો નોંધાયા બાદ હવે ગમે ત્યારે પકડી લેવા પોલીસે કમ્મર કસતી હોવાનું પીઆઈ સંજય શર્માએ જણાવ્યું હતું.

# મનપામાં ફૂડ ઓફિસરોની થશે ભરતી

## રાજ્ય સરકાર વધુ ચાર ઓફિસરોનો ટીમમાં કરશે સમાવેશ : ૧૬ નવેમ્બર સુધી કરી શકાશે અરજી

રાજકોટ, તા. ૬

રાજકોટ મહાનગરપાલિકા ની કામગીરી હાલ ગોકળગાય ગતિએ ચાલી રહી છે ત્યારે ફરી એક વખત રાજકોટ મહાનગરપાલિકાના એક નહીં અનેક વિભાગોમાં હાલ કર્મચારીઓની અછતના પગલે જે ઝડપ થી કામગીરી થવી જોઈએ તે થતી નથી એટલું જ નહીં ઘણા ખરા વિભાગોમાં તો ઘણી ઘણી જગ્યાઓ પણ ખાલી પડેલી છે આ વાતની ગંભીરતાને ધ્યાને વિભાગના વડાઓ દ્વારા મ્યુનિસિપલ કમિશનરને એક વખત અનેક વખત રજૂઆત કરવામાં આવી જે બાદ ગઈકાલે એક મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો જેમાં પાયલ વિભાગની સાતો સાત હવે આરોગ્ય વિભાગમાં પણ ભરતી કરવા માટેનો નિર્ણય લેવામાં આવ્યો છે. મહત્વની વાત એ છે કે હાલ ફૂડ વિભાગમાં જે જરૂરી મહેકમ હોવું જોઈએ તેનાથી ઘણું ખરું ઓછું છે ત્યારે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા ફૂડ શાખામાં ભરતી માટે કાર્યવાહી હાથ ધરવામાં આવી છે હાલ રાજકોટ મહાનગરપાલિકા પાસે ત્રણ ફૂડ ઓફિસર છે અને પ્રતિ એક લાખની વસ્તીએ એક અધિકારીની જરૂર હોવાથી હાલ ચાર નવા ફૂડ સેફ્ટી ઓફિસરની ભરતી માટે જાહેરાત કરવામાં આવી છે.

રાજકોટ મહાનગરપાલિકાના સંપર્ક સૂત્રોના જણાવ્યા અનુસાર શહેરમાં ૨૦ લાખની વસ્તી છે અને તેની સામે માત્ર ત્રણ ફૂડ ઓફિસર જ ફરજ બજાવે છે આ ગંભીરતા ને ધ્યાને લઈ વધુ દોઢ ડઝન જેટલા ફૂડ ઓફિસરોની જરૂર મહાનગરપાલિકા ને જે પરંતુ હાલ આપ જગ્યા માટે સાતનું મહેકમ છે. જે આવનારા દિવસોમાં મહેકમ વધારવા મંજૂરી પણ મળી છે જેથી હવે વોર્ડ વાઇઝ ફૂડ ચેકિંગ સહિતની તમામ વ્યવસ્થાઓ ગોઠવવામાં આવું છે અને સુચરૂરિતથી આ તમામ કામ થાય તે માટેનો તખતો પણ ગોઠવવામાં આવ્યો છે. મહાનગરપાલિકાના સંબંધિત વિભાગના સૂત્રોએ જણાવ્યું હતું કે રાજ્ય સરકારમાં વોર્ડ વાઇઝ ફૂડ ઓફિસરોની માંગણી રાજકોટ મહાનગર દ્વારા કરવામાં આવી હતી ત્યારે હાલ સરકારે એક એક જગ્યા છે મંજૂર કરી છે ત્યારે ડેપ્યુટી કમિશનરે માહિતી આપતા જણાવ્યું હતું કે આ જગ્યા ઉપર જે કોઈ ફરજ બજાવા માંગતા હોય તેઓ અરજી કરી શકે છે અને હાલ જે ચાર ફૂડ સેફ્ટી ઓફિસર ની જગ્યા ની જાહેરાત બહાર પાડવામાં આવી છે તેમાં એક જગ્યા બિન અનામતની છે અને આ તમામ માટે ઓનલાઇન અરજી કરવી જ જરૂરી અને આવશ્યક છે. મળતી માહિતી મુજબ જો ફૂડ વિભાગમાં ભરતી પૂર્ણ થાય તો ફૂડ બ્રાન્ચમાં ખૂબ મોટા પ્રમાણમાં ભરતી અને સેટઅપમાં ફેરફાર થશે.

હાલ રાજકોટ નો વિસ્તાર દિન પ્રતિદિન વધી રહ્યો છે સામે વસ્તીમાં પણ જે રીતે વધારો જોવા મળે છે તેને ધ્યાને લઈ ફુડ ઓફિસરોની માંગમાં વધારો થયો છે ત્યારે હવે કોર્પોરેશન દ્વારા ફૂડ ચેકિંગની કામગીરી પણ ઝડપભેર આગળ વધશે તેવું હાલ સુત્રો જણાવી રહ્યા છે પરંતુ સામે પ્રશ્ન એ જ છે કે શું મહાનગરપાલિકા ઝડપભેર આ કામગીરીને પૂર્ણ કરશે કે કેમ કે ફરી એક વખત આ ભરતી ખોરંભે ચડશે?



### ફૂડ લેબોરેટરી બને તે ખૂબ જરૂરી

હાલ રાજકોટ મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગ દ્વારા ફૂડ સેમ્પલ જે લેવામાં આવે છે તેને તપાસ અર્થે લેબોરેટરી માં મોકલવા પડે છે અને આ લેબોરેટરી રાજકોટ નહિ પરંતુ વડોદરા હોવાથી રિપોર્ટ ત્રણ થી છ મહિનાના સમયગાળામાં આવતો હોય છે ત્યાં સુધી ફૂડ વિક્રેતા ઉપર કોઈપણ પ્રકારના પગલા લઈ શકાય તેમ નથી હોતા ત્યારે સરકાર આ અંગે ગંભીરતાથી વિચાર કરે અને રાજકોટને ફૂડ લેબોરેટરી આપે તે ખૂબ આવશ્યક છે જો ફૂડ લેબોરેટરી રાજકોટને મળશે તો ઘણા ખરા પ્રશ્નોનું ત્વરિત નિવારણ શક્ય બનશે.

જીવલેણ અકસ્માતની ઘટના યથાવતઃ વધુ એક પરિવારે કંધોતર ગુમાવ્યો

# બે મિત્રો ફાકી ખાવા ગયા અને રસ્તામાં એકને 'કાળ' આંબી ગયો

## ભગવતીપરામાં મોટર સાઇકલ સ્લીપ થઇ જતાં પચ્ચીસ વર્ષના યુવાનનો જીવ ગયોઃ મિત્રને ગંભીર ઇજાઃ મૃતકના થોડા સમય પહેલા જ થયા હતાં લગ્ન


**(દર્શનસિંહ જાડેજા દ્વારા)**
**રાજકોટ મિરર તા. ૫**

રાજકોટઃ તહેવારના દિવસોમાં રાજકોટ શહેર અને આસપાસના વિસ્તારોમાં જીવલેણ વાહન અકસમાતની ઘટનાઓ બનતી રહી હતી. જેમાં પાંચ લોકોએ જિંદગીથી હાથ ધોવા પડ્યા હતાં. લાભ પાંચમની આગલી રાતે પણ જીવલેણ અકસ્માત સર્જાયો હતો. જેમાં બે મિત્રો બાઇક સહિત ફેંકાઇ જતાં બંનેને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતાં. જેમાંથી એક મિત્રનું પ્રાણપંખેરૂ ઉડી જતાં તેના પરિવારમાં ગમગીની વ્યાપી ગઇ હતી. થોડા સમય પહેલા જ આ યુવાનના લગ્ન થયા હતાં અને તે પરિવારનો આધાર સ્તંભ હતો. બંને મિત્રો પાન ફાકી ખાઇને ઘર તરફ જતા હતાં ત્યારે રસ્તામાં આ બનાવ બની ગયો હતો. ભગવતીપરાની આ ઘટનામાં આશાસ્પદ યુવાન દિકરો ગુમાવનારા પરિવાર પર આભ ફાટી પડ્યું હતું.

બનાવની જાણવા મળેલી માહિતી અનુસાર શહેરના ભગવતીપરામાં રાત્રે બાઇક સ્લીપ થઇ જતાં બે મિત્રો ફંગોળાઇ જતાં ગંભીર ઇજા પહોંચતા સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ એક મિત્રનું મૃત્યુ થતાં કલ્પાંત સર્જાયો હતો. બીજાને ગંભીર ઇજા પહોંચી હોઇ સારવાર માટે દાખલ કરવામાં આવ્યો હતો. વધુ વિગતો પર નજર કરીએ તો ભગવતીપરા શેરી નં. ૫માં રહેતો ઓગણચાલીસ વર્ષનો કૌશિકભાઇ નવીનભાઇ પરમાર અને તેની સામે જ રહેતો મિત્ર પચ્ચીસ વર્ષનો સુનિલ બચુભાઇ ઝાલા રાતે સાડા નવેક વાગ્યે જમ્યા બાદ પાન ફાકી ખાવા ગયા હતાં. બંને બાઇક પર પરત ઘર તરફ આવી રહ્યા હતાં ત્યારે બાઇક સુનિલ હંકારી રહ્યો હતો.

ત્યારબાદ બંને મિત્રો બદરી પાંડે મોડર્ન સ્કૂલ નજીક પહોંચ્યા ત્યારે મોટાર સાઇકલ સ્લીપ થઇ જતાં બને ફંગોળાઇ જતાં ગંભીર ઇજાઓ થતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ સારવાર દરમિયાન સુનિલનું મૃત્યુ થયું હતું. સુનિલ ત્રણ બહેનનો એક જ ભાઇ હતો. તે કારના સર્વિસ સ્ટેશનમાં નોકરી કરતો હોવાનું કૌશિકે જણાવ્યું હતું. મિત્ર કૌશિકે કહ્યું હતું કે અમે પાન ફાકી ખાઇને પરત આવતાં હતાં ત્યારે આ બનાવ બન્યો હતો. સુનિલ એકાદ મહિના પહેલા જ મારા ઘર સામે રહેવા આવ્યો હોઇ અમારી વચ્ચે મિત્રતા થઇ હતી. તેના તાજેતરમાં જ લગ્ન થયા હતાં. હોસ્પિટલ પોલીસ ચોકીના રામશીભાઇ વરૂ, ધર્મેન્દ્રભાઇ હુદડે જાણ કરતાં બી-ડિવીઝન પોલીસે હોસ્પિટલે પહોંચી જરૂરી કાર્યવાહી કરી હતી. ઘાયલ થયેલો કૌશિક સારવાર હેઠળ છે. તે દરજી કામ કરે છે અને તેને સંતાનમાં બે પુત્રી છે.

જ્યારે બીજા જીવલેણ અકસ્માતમાં જામનગર રોડ પર ન્યારા ગામના પાટીયા નજીક સોમવારે રાતે બારેક વાગ્યે કારે ટુવ્હીલર એક્ટીવાને ઉલાળી દેતાં પતિ-પત્નિ અને પુત્રને ઇજા થતાં સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. જેમાં આઠ વર્ષના પુત્રનું મોત થતાં કલ્પાંત સર્જાયો હતો. સારવાર દરમિયાન આ બાળકના માતાનું પણ મોત થયું છે. ન્યારા ગામે હાથી મસાલા ફેક્ટરીમાં સુપરવાઇઝર તરીકે નોકરી કરતાં અને ત્યાંના ક્વાર્ટરમાં જ રહેતાં મુળ વઢવાણના પ્રહલાદભાઇ સોંડાભાઇ લકુમ એ પુત્ર બાદ પત્નિ પણ ગુમાવી દેતાં અરેરાટી વ્યાપી ગઇ હતી. જાણવા મળ્યા મુજબ પ્રહલાદભાઇ લકુમ, તેના પત્નિ પારૂલબેન તથા પુત્ર પ્રિન્સ સોમવારે સાંજે ફિલ્મ જોવા ગયા બાદ વળતા હોટલમાં જમીને ઘર તરફ જતાં હતાં ત્યારે રાતે બારેક વાગ્યે ન્યારા ગામના પાટીયા પાસે ત્રણેયને એક્ટીવા સહિત કારના ચાલકે ઉલાળી દેતાં ઇજાઓ થતાં રાજકોટ સિવિલમાં ખસેડાયેલ. પરંતુ અહિ ૮ વર્ષના પ્રિન્સનું મોત નિપજતાં કલ્પાંત સર્જાયો હતો. એ પછી હવે પ્રિન્સના માતાનું પણ મૃત્યુ થયું છે. પ્રિન્સ એક બહેનથી નાનો હતો. તેની મોટી બાર વર્ષની બહેન બીજા સગાના વાહનમાં બેઠી હતી. આ બાળાએ ભાઇ બાદ માતાને પણ ગુમાવી દેતાં અને સુપરવાઇઝરે પત્નિ-પુત્રને ગુમાવી દેતાં પરિવાર શોકમાં ગરક થઇ ગયો હતો.





ન્યારા પાસે અકસ્માતમાં આઠ વર્ષના દિકરા બાદ માતાનો પણ જીવ ગયોઃ મસાલા ફેક્ટરીના સુપરવાઇઝરે દિકરા બાદ અર્ધાંગીની ગુમાવતાં ગમગીની